અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૩, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ ચૌદસ | અંક : ૬૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સાયન્સ સિટી ખાતે વાઈબ્રન્ટ સમિટની ૨૦ વર્ષની ઉજવણી પર મોદીનું સંબોધન

## વાઈબ્રન્ટ ગુજરાત રાજ્યની ભાવનાઓને ઉત્તેજન આપવા-વિશ્વની સાથે જોડાવાનું માધ્યમ બની

### વાઈબ્રન્ટ સમિટ રાજ્ય સરકારના નિર્ણય અને કેન્દ્રીત અભિગમને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવા માટેનું એક માધ્યમ બની ગયુ : વડાપ્રધાન મોદી

। અમદાવાદ, તા.૨૭ ।

વડાપ્રધાન મોદીએ આજે અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૨૦ વર્ષની ઉજવણી નિમિત્તે કાર્યક્રમને સંબોધન કર્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની શરૂઆત ૨૦ વર્ષ પહેલા ૨૮ સપ્ટેમ્બર ૨૦૦૩ના રોજ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતાં ત્યારે કરવામાં આવી હતી. વડાપ્રધાનનું ગરબાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને સમિટ ઓફ સક્સેસ' પેવેલિયનનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું. વાયબ્રન્ટ સમિટની સફળતાની ફિલ્મ બતાવાઈ હતી. સભાને સંબોધતા વડાપ્રધાન મોદીએ ટીપ્પણી કરી હતી કે વીસ વર્ષ પહેલા વાવેલા બીજ એક ભવ્ય અને વૈવિધ્યસભર વાઈબ્રન્ટ ગુજરાતનું સ્વરૂપ ધારણ કર્યું છે. તેમણે કહ્યું કે ૨૦૦૧ના ભૂકંપ પછી ગુજરાતની સ્થિતિની કલ્પના કરવી મુશ્કેલ છે. ભૂકંપ પહેલા પણ ગુજરાત લાંબા દુષ્કાળમાંથી પસાર થઈ રહ્યું હતું. માધવપુરા મર્કેન્ટાઈલ કોઓપરેટિવ બેંકના પતનથી આમાં વધારો થયો હતો જેના કારણે અન્ય સહકારી બેંકોમાં પણ સાંકળ પ્રતિક્રિયા જોવા મળી હતી. મોદીએ યાદ કર્યું કે તે તેમના માટે નવો અનુભવ હતો કારણ કે તે સમયે તેઓ સરકારની ભૂમિકામાં નવા હતા. આ સ્થિતિમાં, હૃદયદ્રાવક ગોધરાની ઘટનાને પગલે ગુજરાતમાં હિંસા ફાટી નીકળી હતી. મુખ્યમંત્રી તરીકે મારી પાસે અનુભવનો અભાવ હોવા છતાં ગુજરાત અને તેની જનતામાં સંપૂર્ણ વિશ્વાસ છે. તેમણે ગુજરાતને બદનામ કરવાનું કાવતરું ઘડવામાં આવતા તે સમયના એજન્ડા-સંચાલિત ડૂમસેયર્સને પણ યાદ કર્યા હતા. મોદીએ વધુમાં કહ્યું હતું કે, “મેં પ્રતિજ્ઞા લીધી કે ગમે તે સંજોગો હોય, હું ગુજરાતને આ પરિસ્થિતિમાંથી બહાર કાઢીશ. અમે માત્ર પુનઃનિર્માણ વિશે જ વિચારતા ન હતા પરંતુ તેના ભવિષ્ય માટે પણ આયોજન કરી રહ્યા હતા અને અમે આ માટે વાઈબ્રન્ટ ગુજરાત સમિટને મુખ્ય માધ્યમ બનાવ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત રાજ્યની ભાવનાઓને ઉત્તેજન આપવા અને વિશ્વ સાથે જોડાવા માટેનું એક માધ્યમ બની ગયું છે. સમિટ રાજ્ય સરકારના નિર્ણય અને કેન્દ્રીત અભિગમને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવા માટેનું એક માધ્યમ બની ગયું છે અને સાથે સાથે દેશની ઉદ્યોગ ક્ષમતાને પણ આગળ લાવી રહ્યાંએ છે. તેમણે ગુજરાત પ્રત્યે તત્કાલીન કેન્દ્ર સરકારની ઉદાસીનતાને યાદ કરી. 'ગુજરાતના વિકાસથી દેશનો વિકાસ'નું તેમનું સૂત્ર હોવા છતાં, ગુજરાતનો વિકાસ રાજકીય પ્રિઝમથી જોવા મળ્યો હતો. ધાકધમકી છતાં વિદેશી રોકાણકારોએ ગુજરાતને પસંદ કર્યું. આ કોઈ ખાસ પ્રોત્સાહન ન હોવા છતાં હતું.




સમગ્ર વિશ્વ જ્યારે મંદીમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે વાઈબ્રન્ટ ગુજરાતની ૨૦૦૯ની આવૃત્તિને યાદ કરતાં તેમણે ઉલ્લેખ કર્યો હતો કે રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે તેમણે આગળ વધીને કાર્યક્રમનું આયોજન કરવા પર ભાર મૂક્યો હતો. પરિણામે, ૨૦૦૯ની વાઈબ્રન્ટ ગુજરાત સમિટ દરમિયાન ગુજરાતની સફળતાનો નવો અધ્યાય લખાયો હતો. પ્રધાનમંત્રીએ તેની યાત્રા દ્વારા સમિટની સફળતા સમજાવી. ૨૦૦૩ની આવૃત્તિએ માત્ર થોડાક સો સહભાગીઓને આકર્ષ્યા; આજે ૪૦૦૦૦ થી વધુ સહભાગીઓ અને પ્રતિનિધિઓ અને ૧૩૫ દેશો સમિટમાં ભાગ લે છે,એવી તેમણે માહિતી આપી હતી. પ્રદર્શકોની સંખ્યા પણ ૨૦૦૩માં ૩૦ થી વધીને આજે ૨૦૦૦ થી વધુ થઈ ગઈ છે. વાઈબ્રન્ટ ગુજરાતની સફળતાના મુખ્ય તત્વો વિચાર, કલ્પના અને અમલીકરણ છે. તેમણે વાઈબ્રન્ટ ગુજરાત પાછળના વિચાર અને કલ્પનાની હિંમતને રેખાંકિત કરી અને કહ્યું કે અન્ય રાજ્યોમાં તેનું અનુસરણ થયું છે.

આ વિચાર ભલે ગમે તેટલો મહાન હોય, પણ તેમના માટે સિસ્ટમને એકીકૃત કરવી અને પરિણામો પ્રદાન કરવું હિતાવહ છે", પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે આવા સ્કેલના સંગઠનને સઘન આયોજન, ક્ષમતા નિર્માણમાં રોકાણ, ઝીણવટભરી દેખરેખ અને સમર્પણની જરૂર છે. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે વાઈબ્રન્ટ ગુજરાત સાથે, રાજ્ય સરકારે સમાન અધિકારીઓ, સંસાધનો અને નિયમો સાથે હાંસલ કર્યું જે અન્ય કોઈપણ સરકાર માટે અકલ્પનીય હતું. આજે વાઈબ્રન્ટ ગુજરાત સરકારની અંદર અને બહાર ચાલી રહેલી સિસ્ટમ અને પ્રક્રિયા સાથે એક સમયની ઘટનાથી સંસ્થા બની ગઈ છે. વાઈબ્રન્ટ ગુજરાતની ભાવના પર ભાર મૂક્યો હતો જેનો હેતુ દેશના દરેક રાજ્યને લાભ આપવાનો છે. તેમણે અન્ય રાજ્યોને સમિટે ઓફર કરેલી તકનો લાભ લેવા વિનંતી કરી હતી.

## ન્યૂઝ બ્રિફ

### નિજજરની હત્યાની તપાસ માટે ભારત તૈયાર છે, પુરાવા આપો : જયશંકર



। ન્યૂ યોર્ક, તા.૨૭ ।

ભારત પર કેનેડાએ પાયાવિહોણા આક્ષેપ પર આજે ફરીથી ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે આના પર એક નિવેદન આપી કેનેડા પર પલટ પ્રહાર કર્યો છે. ન્યૂયોર્કમાં કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સમાં એક ચર્ચા દરમિયાન જયશંકરે આ મામલે વાત કરી હતી. એસ. જયશંકરે કેનેડિયન પક્ષને ખાલિસ્તાની નેતા નિજ્જરની હત્યા અંગે ચોક્કસ માહિતી આપવાનું આશ્વાસન આપ્યું હતું.

### ચીન અને ભારત બંને સાથે નેપાળને સારા સંબંધો : પ્રચંડ

। બૈજિંગ, તા.૨૭ ।

નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ પ્રચંડ અત્યારે ચીનની મુલાકાતે છે. ચીને તેઓનું જોરદાર સ્વાગત પણ કર્યું હતું.વાસ્તવમાં અત્યારે નેપાળ, ભારત સાથે સંબંધો સુધારી રહ્યું છે. તે ચીનને રૂચે તેમ નથી. ચીન પૂરેપૂરો પ્રયત્ન કરી રહ્યું છે કે, પ્રચંડની આ મુલાકાતને નેપાળ ચીન મૈત્રીના રૂપે પ્રોજેક્ટ કરવામાં આવે અને તેવું દેખાડાય કે નેપાળને ભારત સાથે તેટલા સારા સંબંધો નથી, જેટલા ચીન સાથે છે. જો કે નેપાળના વડાપ્રધાને ચીનમાં એવી વાત કરી કે જેથી સાબિત થઈ જાય છે કે તેઓ કોઈ પણ ભોગે ભારત સાથે સંબંધો બગાડવા તૈયાર નથી. ચીનનાં મુખ પત્ર ગ્લોબલ ટાઈમ્સ ને આપેલી મુલાકાત સમયે પ્રચંડે કહ્યું કે, ચીન અને ભારત બંને સાથે નેપાળને સારા સંબંધો છે.

### મારા નામે હજુ ઘર નથી પણ દેશની બહેનોના નામે ઘર બનાવી દીધાં

## ઉમરગામથી અંબાજી સુધી આદિવાસી પટ્ટાના વિકાસકાર્યો કરવાનો મને મોકો મળ્યો : મોદી

### છોટા ઉદેપુરના પંથકમાં સાઈકલ અને બસમાં મુસાફરી કરી રાતવાસો કર્યો છે

। નવી દિલ્હી, તા.૬ ।

સાયન્સ સિટી ખાતે વાયબ્રન્ટ ગુજરાતની સફળતાના ૨૦ વર્ષની ઉજવણી કરી છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી હેલિપેડ ખાતે તેમનું આગમન કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુલી જીપમાં લોકો વચ્ચે પહોંચ્યો હતા. આ કાર્યક્રમ મારફતે વડાપ્રધાન મોદી રૂ. ૫૨૦૬ કરોડના કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. વિશાળ જનસાભને સંબોધન કરતા મોદીએ વિપક્ષ પર પ્રહાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે, મોદી એક પછી એક અડચણો દૂર કરે છે ત્યારે વિરોધીઓને રોડાં નાંખવાનું સૂઝે છે. બોડેલી ખાતે વિશાળ જનસભાને સંબોધતા વડાપ્રધાને મોદીએ જણાવ્યું કે, બહુ દહાડે બોડેલી આવ્યો છું. પહેલાં તો હું વાર-તહેવારે અહિં આવતો હતો. ઉમરગામથી અંબાજી સુધી આદિવાસી પટ્ટાના વિકાસકાર્યોની ભેટ આપવાનો મને મોકો મળ્યો છે. હું સંગઠનના કાર્ય કરતો ત્યારે અહિં બસમાં આવતો હતો. મારા માટે મુખ્યમંત્રી બન્યાં પહેલાં પણ અહિંના લોકો સાથે નાતો રહ્યો છે. છોટા ઉદેપુરના પંથકમાં સાઈકલ અને બસમાં મુસાફરી કરી રાતવાસો કર્યો છે. બોડેલી આવવાથી જુની યાદો તાજી થઈ ગઈ અને ખૂબ જૂના લોકોને મળવાનો આજે મોકો મળ્યો છે. તમારી જોડે જે શીખ્યો તે દિલ્લીમાં કામ આવે છે.

ડિજિટલ ક્ષેત્રે થયેલા વિકાસની વાત કરતા મોદીએ કહ્યું કે, હવે ગામડામાં રહેનારા લોકો માટે પણ મોબાઈલ અને ઈન્ટરનેટ નવું નથી. મારી ગામડાની માતા-બહેનો દુર રહેલા તેમના બાળકો સાથે વીડિયો કોલ પર વાત કરે છે. છોટા ઉદેપુરના વિકાસ માટે તમારા ઘર આંગણે સરકાર લાવી દીધી. તમારી વચ્ચે રહી સુખ-દુઃખ જોઈ તેના નીકાલ કરવાના કાર્યો કર્યા છે. તે વખતનો પરિશ્રમ આજે રંગ લાવી રહ્યો છે. દેશભરમાં આજે ૪ કરોડથી વધુ ઘરો બનાવી દીધાં છે. આજે દેશની મહિલાઓ લખપતી દીદી બની ગઈ છે. લોકોના ખાતામાં સીધા પૈસા જમા થાય અને તેમને મજા આવે એવું ઘર બનાવવાનું. મારા નામે હજુ ઘર નથી, પરંતુ મેં દેશની મહિલાઓના નામે ઘર બનાવી આપ્યા.

શિક્ષણને લઈ વડાપ્રધાને જણાવ્યું કે, પહેલાં બાળકોને શાળા છોડવી પડતી હતી. જેથી મારા પરિવારજનો છેલ્લા ૨ દશકથી આપણે શિક્ષણના કાર્ય પર ભાર આપ્યો. શિક્ષકોની નિયુક્તી માટે ૨ લાખ શિક્ષકોની ભરતી માટે અભિયાન ચલાવ્યું હતું. આદિવાસી સમાજના પટ્ટામાં ૨૫ હજાર નવા ક્લાસરૂમ અને ૫ નવી મેડિકલ કોલેજો શરૂ કરી. ૩૦ વર્ષથી જે કામ અટકેલું હતું તે પૂર્ણ કર્યુ. હું સીમાવર્તી એરીયામાં ગયો તો ત્યાં મને મારા આદિવાસી સમાજનો જુવાનીયો દેશની સીમા પર રક્ષા કરતો જોવા મળે છે. ભગવાન બિરસા મુંડાના જન્મદિવસને દેશ જનજાતી દિવસ તરીકે ઉજવે છે.





### ખુલ્લી જીપમાં વડાપ્રધાન મોદી લોકો વચ્ચે પહોંચ્યા



વડાપ્રધાન નરેન્દ્ર મોદી બોડેલી હેલિપેડ ખાતે આગમન કરી રિસેપ્શન વેન્યું ખાતે પહોંચ્યા હતા. બાદમાં એક્સિબિશન કાઉન્ટરની મુલાકાત લઈ જાહેરસભાના સ્થળે ખુલ્લી જીપમાં લોકો વચ્ચે થઈ અને સ્ટેજ પરથી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી. આર. પાટીલ તથા વિવિધ સંસ્થાઓ દ્વારા નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રવચન કરશે. વિકાસ કાર્યોના જુદા જુદા વીડિયો દર્શાવી ઓનલાઇન ઉદ્‌ઘાટન કર્યું હતું. તે બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશાળ જનસભાને સંબોધી હતી. ઉલ્લેખનીય છે કે, ૧૦ મહિના બાદ નરેન્દ્ર મોદી બોડેલીમાં ફરી સભા ગજવી હતી.

### કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે માહિતી આપી

## દેશની ઇન્ટરનેશનલ બોર્ડર પર હવે એન્ટી ડ્રોન સિસ્ટમથી નજર રખાશે

### રેડિયો ફ્રિકવન્સીની મદદથી દુશ્મનોને શોધીને તેને મારવા માટે એન્ટી ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે

। નવી દિલ્હી, તા.૨૭ ।



દેશની ઈન્ટરનેશનલ બોર્ડર પર હવે એન્ટી ડ્રોન સિસ્ટમથી નજર રાખવામાં આવશે. જેની જાણકારી ગૃહ મંત્રી અમિત શાહે મંગળવારે આપી હતી. તેમને એમ પણ જણવ્યું હતું કે સરકાર બોર્ડર પર સિક્યુરિટી મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે, જેને ધ્યાનમાં લઈને બોર્ડર પર એન્ટી ડ્રોન સીસ્ટમ તૈનાત કરવામાં આવશે. રેડિયો ફ્રિકવન્સીની મદદથી દુશ્મનોને શોધીને તેને મારવા માટે એન્ટી ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે. હાલમાં જ યોજાયેલી જી૨૦ સંમેલનમાં હાઈ પ્રોફાઈલ મહેમાનોની સુરક્ષા માટે પણ આ એન્ટી ડ્રોન સિસ્ટમનો ઉપ યોગ કરવામાં આવ્યો હતો. હવે બોર્ડર પર આ સિસ્ટમનો ઉપયોગ કરવાની ગૃહ મંત્રીના એલાનના કારણે હાલ આ ડ્રોન ખુબ ચર્ચામાં છે. તો જાણીએ શું છે આ એન્ટીડ્રોન સિસ્ટમ અને બોર્ડર પર કઈ સિસ્ટમ થશે તૈનાત? આ એક ટેકનોલોજી છે, જેનો ઉપયોગ માનવરહિત એરિયલ ડિવાઈસને જામ કરવા માટે થાય છે. ડ્રોનની અલગ અલગ ક્ષમતા હોય છે, જે પ્રમાણે તે કામ કરે છે. આ ટેકનોલોજી રેડિયો ફ્રિકવન્સીની મદદથી દુશ્મન ડ્રોનને ઓળખી શકે છે. દુશ્મન દેશની હરકતોની જાણકારી એકઠી કરવા માટે ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ ખુબ ઝડપથી વધી રહ્યો છે. ભારત પાસે ડ્રોન ડીટેક્ત, ડીટર એન્ડ ડિસ્ટ્રોય સિસ્ટમ એટલે કે ડી૪ ડ્રોન છે. આ પ્રથમ સ્વદેશી એન્ટી ડ્રોન સિસ્ટમ છે. જેને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપ મેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા ત્રણ વર્ષમાં વિકસાવવામાં આવ્યું હતું. ડીઆરડીઓઅનુસાર, ડી૪ ડ્રોન હવામાં ૩ કિમીના રેડીયસમાં દુશ્મનને શોધીને ૩૬૦ ડિગ્રી કવરેજ આપે છે.

### એશિયન ગેમ્સમાં ભારતની મેડલ કૂચ જારી

## ૫૦ મીટર રાઈફલ શૂટિંગમાં સિફ્ટ કોર સામરાને ગોલ્ડ મેડલ

### એશિયમ ગેમ્સમાં ભારતના ખાતામાં પાંચ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૮ બ્રોન્ઝ એમ કુલ મળીને ૧૮ મેડલ આવ્યા

। હાંગઝોઉ, તા.૨૭ ।

એશિયન ગેમ્સમાં ભારતના નામે ૧૮મું મેલડ જોડાયું છે. ૫૦ મીટર રાઈફલ શૂટીંગમાં ભારતની સિફટ કોર સામરાએ ભારત માટે ગોલ્ડ મેળવ્યો છે. જ્યારે આશી ચોકસીએ રાઈફલ શુટિંગમાં જ બરોન્ઝ મેળવ્યો છે. દરમીયાન ભારતના ખાતામાં ૫ ગોલ્ડ, ૫ સિલ્વર, ૮ બ્રોન્ઝ એમ કુલ ૧૮ મેડલ આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભારતની રાઈફલ શુટર સિફટ કોર સામરાએ ૫૦ મીટર રાઈફલ ઈવેન્ટમાં ગોલ્ડ મેળવી ભારતના ખાતામાં પાંચમો ગોલ્ડ મેડલ જમા કર્યો છે.

# ભાદરવી પૂનમમાં છલકાઈ ગઈ મા અંબાની દાન પેટી

| અંબાજી, તા.૨૭ |

ભાદરવી પૂનમના મેળાનો આજે પાંચમો દિવસ છે. અત્યાર સુધી મેળાના ચોથા દિવસે ૭ લાખથી વધુ માઈભક્તોએ દર્શન કર્યાં છે. ચોથા દિવસે મંદિરના શિખરે ૫૫૧ ધજાઓ ચઢી હતી. મોહનથાળ પ્રસાદના ૩૧ લાખથી વધુ પેકેટ વેચાયા હતા. તો ફરાળી ચીકીના ૯ હજાર જેટલા પેકેટનું વિતરણ થયું. આ ૪ દિવસમાં મા અંબાના ૨૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યાં. ૪ દિવસમાં અંબાજી મંદિરને ૧.૧૨ કરોડની દાન ભેટમાં મળી હતી. ૪ દિવસમાં મંદિર ટ્રસ્ટને ૧૬ ગ્રામ સોનું દાનમાં મળ્યું છે.

યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાને લઈ મોટું માનવ મહેરામણ ઉમટી રહ્યું છે. છેલ્લાં ચાર દિવસોમાં ૨૦.૩૪ લાખ જેટલા શ્રદ્ધાળુઓ અંબાજી મંદિરે દર્શન નો લાભ લઈ ચૂક્યા છે. આ શ્રદ્ધાળુઓ થકી અંબાજી મંદિરમાં દાનભેટની કુલ રકમ રૂપિયા ૧.૧૨ કરોડ સુધી આવી ગઈ છે. જ્યારે ચાર દિવસમાં ૧૬ ગ્રામ સોનુ દાનમાં આવ્યું છે. અંબાજી મંદિરમાં મોટું માનવ મહેરામણ ઉમટી પડ્યું છે. ત્યારે ચાર દિવસમાં ૯.૩૭ લાખ પ્રસાદના પેકેટનું વેચાણ થયું છે. જ્યારે હજી પણ મોટું માનવ મહેરામણ અંબાજીને સાંકળતા માર્ગો



ઉપર ધસમસતું જોવા મળી રહ્યું છે. ને અંબાજીથી દાંતા ૨૦ કિલોમીટર લાંબી માનવ સાંકળ દર્શનાર્થીઓની જોવા મળી રહી છે. એટલું જ નહીં લાખોની સંખ્યામાં પદયાત્રીઓ પોતાની બાધા આંખડી પુરી કરવા અંબાજી જતા નજરે પડ્યા હતા. ક્યાંક શેર માટીની ખોટ પૂરવા તો ક્યાંક નોકરી ધંધા માટે ભક્તો માથે ગરબી લઈને તેમજ દંડવત કરતા અંબાજી મંદિરે પહોંચી રહ્યાં છે. એટલું જ નહિ, અંબાજીમાં ભરાયેલો ભાદરવી પૂનમનો મેળો એ મેળો નહિ પણ એક અવસર બની ગયો છે. જેમ અવસરમાં અતિથિઓને આવકારવાના વિવિધ પ્રયાસો થતા હોય વિવિધ વ્યનજનો બનતા હોય તેજ રીતે અંબાજી દર્શને જતા શ્રદ્ધાળુઓને સેવાભાવી કેમ્પો દ્વારા અતિથિ જેવો માનસન્માન આપી પોતાના સેવા કેમ્પોમાં બોલાવતા નજરે પડ્યા હતા. કોલ્ડ્રિંક્સ ને ચા-પાણી કરાવીને નાસ્તો કરાવી ને તો કોઈ ભરપેટ ભોજન નિઃશુલ્ક કરાવી પદયાત્રીઓને ખુશ કરી રહ્યા છે. એટલુંજ નહીં અંબાજીનો માર્ગ લાંબો છે જ્યાં અનેક પ્રકાર ની વાનગીઓ પીરસાઈ રહી છે તો ક્યાંક કોલ્ડ્રિંગ્સ અપાઈ રહી છે તો ક્યાંક ચાલીને આવતા પદયાત્રીઓના પગની મસાજ કરીને પગમાં પડેલા ફોડલા ઉપર પાટા પિંડી કરી આરોગ્ય કેન્દ્રો દ્વારા માથા દુખવાની ટેબ્લેટ આપીને રાહત આપવામાં આવી રહી છે. અંબાજી જતા યાત્રિકો માટે અનેક પ્રકારની સગવડ સેવાભાવી લોકો દ્વારા સેવા કેમ્પો યોજી કરી રહ્યા છે. ત્યારે પદયાત્રીઓને રસ્તામાં ગરબા ને ડીજે સાઉન્ડના તાલે થાક ઉતારવાનો પ્રયાસ પણ કરવામાં આવી રહ્યો છે. જેને લઈ ભક્તોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. ગત વર્ષે અંબાજીમાં સાત દિવસીય મેળામાં ૩૫ લાખ શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. જ્યાં આ વખતે ચાર દિવસમાં જ ભક્તોનો આંકડો ૨૦ લાખનો આંક વટાવી ચુક્યો છે. ને હજી ૩ દિવસ મેળાના બાકી છે ને અંબાજી સાંકળતા માર્ગો ઉપર ભક્તોનો ઘોડાપુર જોવા મળી રહ્યો છે.

## અંબાજી મંદિરના ચાચર ચોકમાં પ્રકાશપુંજ પથરાયો

**ભાદરવી પૂનમના મહમેળાને લઈને અંબાજી મંદિર રોશનીથી ઝગમગી ઉઠ્યું છે. મંદિરના ચાચર ચોકમાં પ્રકાશપુંજ પથરાયો હોય એવી અલૌકિક આભા રચાઈ છે. માં અંબાના ધામમાં અદ્દભૂત નજારો સર્જાયો છે. સુવર્ણ મંડીત માતાજીનું મંદિર અવનવી રોશનીના શણગારથી દેદીપ્યમાન બન્યું છે, જેને લઈને મંદિરનો અલૌકિક નજારો જોઈ ભક્તો આનંદિત થઈ ઉઠ્યા છે. માં અંબાના અવિસ્મરણીય અવસર એવા ભાદરવી પૂનમના મહામેળામાં શ્રદ્ધાનો મહાસાગર છલકાઈ રહ્યો છે. લાખોની સંખ્યામાં માનવમહેરામણ માંના ચરણોમાં દર્શનાર્થે ઉમટી રહ્યો છે. લાખોની સંખ્યામાં આવતા પદયાત્રિકો, સંઘમાં આવતા યાત્રિકો, રથ, માંડવી, ગરબા અને ધજા લઈને આવતા માઇભક્તોનો અવિરત પ્રવાહ અંબાજી ધામને જય અંબે. બોલમાડી.અંબેના નાદથી સતત ગજવી રહ્યો છે. શ્રદ્ધા, ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમથી યાત્રાધામ અંબાજીમાં મિનિકુંભનો માહોલ સર્જાયો છે. ત્યારે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભાદરવી મેળાને યાદગાર બનાવવા અંબાજી મંદિરને ભવ્યાતિભવ્ય રોશનીથી શણગારાયુ છે ,અંબાનું શક્તિપીઠ કે જ્યાં માતાજીનું હૃદય બિરાજમાન છે ત્યાં માં ના ચરણમાં શીશ નમાવવા આવતા માઇભક્તોનું હૃદય પણ આનંદ અને ઉલ્લાસની અનુભૂતિ કરે અને માના ધામમાં પ્રવેશતાં જ માઇભક્તો આફરીન પોકારી ઉઠે એવો રોશનીનો ઝગમગાટ કરાયો છે.**

### ન્યૂઝ બ્રિફ

## અમદાવાદના ૨૯ વર્ષના યુવાનનું બસમાં હાર્ટ એટેકથી મોત થયું

| અમદાવાદ, તા.૨૭ |

રાજ્યમાં યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ સતત વધી રહ્યું છે અને છેલ્લા ઘણા દિવસથી હાર્ટ એટેકથી મૃત્યુ થવાના કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે વધુ એક બનાવમાં આજે અમદાવાદના યુવકનું હાર્ટ એટેકથી મૃત્યું થયું છે. અમદાવાદ શહેરના ખાનપુર વિસ્તારમાં રહેતા આશરે ૨૯ વર્ષીય યુવાનનું હાર્ટ એટેકથી મોત થયુ છે. હર્ષ સંઘવી નામના યુવક રાજસ્થાન તીર્થ યાત્રાથી પરત ફરી રહ્યો હતો ત્યારે બસમાં જ અચાનક હાર્ટ એટેક આવ્યો હતો. હર્ષ સંઘવી પોતાના પરિવાર સાથે યાત્રા કરવા ગયા હતા. ઉલ્લેખનીય છે કે ગઈકાલે જ જામનગર અને સુરતમાં હાર્ટ એટેકના બે બનાવ બન્યા હતા ત્યારે આજે વધુ એક બનાવ બન્યો છે. ગઈકાલે જામનગરમાં પટેલ પાર્ક વિસ્તારમાં ૧૯ વર્ષીય યુવકનું ગરબા પ્રેક્ટિસ કરતાં હૃદય રોગના હુમલાથી અપમૃત્યુ થયુ હતું જ્યારે સુરતના કતારગામ જીઆઈડીસીવિસ્તારમાં યુવાનનું ઊંઘમાં હાર્ટ અટેકથી મોત થયું હતું.

## સાવરકુંડલા સહિત ગ્રામ્ય વિસ્તારમાં જામ્યો વરસાદી માહોલ

| અમરેલી, તા.૨૭ |

અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લામાં બપોર બાદ ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમી ધારે વરસાદ શર થયો છે. જાફરાબાદ સહિત ગ્રામ્યમાં વરસાદ છે. પવનની ગતિમાં વધારો અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો. જાફરાબાદ, કોસ્ટલ બેલ્ટ વિસ્તારના નાગેશ્રી, મીઠાપુર, દુધાળા, લોર, હેમાળ સહિતના ગામોમાં વરસાદ છે. સાવરકુંડલા શહેરમાં ધોધમાર વરસાદ પડ્યો છે. ભારે બફારા બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. શહેરના રિદ્ધિ સિદ્ધિ ચોક, મહુવા રોડ, માર્કેટિંગ યાર્ડ વિસ્તાર, એસટી બસ સ્ટેન્ડ વિસ્તાર, જેસર રોડ, શિવાજીનગર સહિતના શહેરના વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ભારે બફારા બાદ વરસાદ આવતા વાતાવરણમા ઠંડક પ્રસરી હતી. વરસાદ આવતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. વડીયાના ઢૂંઢિયા પીપળીયા ગામે મુશળધાર વરસાદ પડ્યો. બપોર બાદ વાતાવરણમાં પલટો આવતાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. અસહ્ય ગરમી અને ઉકળાટથી લોકો ત્રસ્ત હતા.

### અમદાવાદમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

## અમદાવાદના બિલ્ડરને સોશિયલ મીડિયા ઉપર યુવતી સાથે મિત્રતા કરવી ભારે પડી

| અમદાવાદ, તા.૨૭ |

જો સોશિયલ મીડિયા પર તમને કોઈ અજાણી યુવતીની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવે તો તેને સ્વીકારતા પહેલા એકવાર ચેતી જજો. કેમ કે આ અજાણી યુવતી ખરેખર કોણ છે અને શા માટે તમને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી રહી છે તે જાણવું પણ એટલું જ જરૂરી બની ગયું છે. અમદાવાદમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં એક બિલ્ડરને સોશિયલ મીડિયા ઉપર એક યુવતી સાથે મિત્રતા કરવી ભારે પડી છે. યુવતી અને તેની ટોળકીએ બિલ્ડર પાસેથી લાખો રૂપિયા પડાવી લીધા કે જોકે બિલ્ડરને ખ્યાલ આવતા તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેને આધારે સોશિયલ મીડિયા ઉપર સક્રિય થયેલી ઠગ ટોળકીનો પર્દાફાશ થયો હતો. ફરિયાદને આધારે બોપલ પોલીસે એક આરોપીની પણ ધરપકડ કરી લીધી છે. અમદાવાદમાં રહેતા સંજયભાઈ ગજ્જર નામના વ્યક્તિને બે વર્ષ પહેલા એક દિવસ તેની ફેસબુક પર એક પલક પટેલ નામની યુવતીની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવે છે. જોકે સંજયભાઈ આ યુવતી સાથે પરિચિત ન હતા પરંતુ તેમની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારી અને ત્યારબાદ બંને વચ્ચે વાતચીત થતા મિત્રતા બંધાઈ હતી.

## ગાંધી જયંતીના દિવસે શિક્ષકોની રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી

| ગાંધીનગર, તા.૨૭ |

દેશમાં લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે હવે ગુજરાતમાં સરકાર સામે વધુ એક આંદોલનના ભણકારા વાગી રહ્યા છે. આ આંદોલન બીજા કોઈ નહીં પરંતુ રાજ્ય સરકારના જ સરકારી કર્મચારી કરવા જઈ રહ્યા છે. રાજ્ય સરકારની સરકારી શાળાઓના શિક્ષકોએ પોતાની વિવિધ માંગણીઓને લઈને આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે ગાંધી જયંતીના દિવસે શિક્ષકોના રાજ્યવ્યાપી આંદોનનની જાહેરાત કરી છે. સરકારે કરેલા વાયદાઓ મુદ્દે ઠરાવ પસાર ન થતાં હવે શિક્ષકો સરકાર સામે લડી લેવાના મૂડમાં જોવા મળી રહ્યા છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે જૂની પેન્શન યોજના, NPS સહિતના મુદ્દે આંદોલનની જાહેરાત કરી છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના મહામંત્રી પરેશ પટેલે જણાવ્યું છે કે, ગાંધી જયંતિના દિવસે ગાંધીજીની પ્રતિમાની સફાઈ, પ્રતિમાની આજુબાજુ પરિસરમાં સાફ સફાઈ કરવામાં આવશે.

### હવામાન વિભાગની આગાહી

## દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા

### ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા નહિવત્ છે, કોઈ સિસ્ટમ એક્ટિવ ન હોવાથી ભારે વરસાદની શક્યતા નથી

| અમદાવાદ, તા.૨૭ |

હાલ ગુજરાતમાં અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. ગુજરાતમાં ચોમાસું વિદાય તરફ જઈ રહ્યું છે. પરંતું આ સાથે જ ૨૮ સપ્ટેમ્બરના રોજ અરબી સમુદ્રમાં મજબૂત સિસ્ટમ સર્જાય તેવી શક્યતા છે. જેને કારણે અમદાવાદ સહિત સૌરાષ્ટ્રમાં થંડરસ્ટોર્મની શક્યતા વધારે છે. હાલ વાતાવરણમાં વધુ ભેજના કારણે વરસાદ પડી રહ્યો છે.

વરસાદને લઈને લઈને હવામાન વિભાગની આગાહી એવી છે કે, ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા નહિવત્ છે. કોઈ સિસ્ટમ એક્ટિવ ન હોવાથી ભારે વરસાદની શક્યતા નથી. આ કરારણે ગુજરાતમાં ભેજવાળુ વાતાવરણ અને ગરમીનો અહેસાસ થશે. વીજળીના કડાકા કોઈ કોઈ જગ્યાએ વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા છે. કચ્છમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે સૂકું વાતાવરણ રહેશે. તો આગામી ૫ દિવસમાં બાદ ગુજરાત રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે. હાલ ચોમાસાની વિદાયની શરૂઆત થઈ ગઈ છે. આ પાંચ દિવસોમાં અમદાવાદમાં સામાન્ય ૩૪ થી ૩૬ તાપમાન રહેશે. અમદાવાદમાં ભારે વરસાદની શકયતા નહિવત્ છે. માત્ર અમદાવાદમાં છુટા છવાયો વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડો.મનોરમા મોહંતીએ જણાવ્યું કે, દેશભરમાં મોન્સુન વિડ્રોઅલ સિસ્ટમ સક્રિય થઈ ગઈ છે. આગામી ચાર દિવસ ગુજરાતમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી છે. આ સાથે જ અમદાવાદ, ગાંધીનગર સહિત સૌરાષ્ટ્રભરમાં થંડરસ્ટોર્મ પણ થઈ શકે છે. જેને કારણે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી છે. અમદાવાદમાં ક્યાંક છુટોછવાયો વરસાદ આવશે.

ભેજના કારણે હાલ ગુજરાતમાં વરસાદી માહોલ રચાયો છે. હાલ ગુજરાતને ભારે વરાસદ આપી શકે તેવી કોઈ સિસ્ટમ એક્ટિવ નથી. પરંતુ જે વરસાદ છે તે વાતાવરણમાં ભેજને કારણે આવી રહ્યો છે. આગામી દિવસો દરમિયાન આખા ગુજરાતમાં વરસાદી માહોલ બન્યો છે. હાલ આખા ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ થવાની કોઈ શક્યતા જ નથી. બનાસકાંઠા, સાબરકાંઠામાં મધ્યમ વરસાદ આવી શકે છે. અમદાવાદમાં સામાન્ય વરસાદની આગાહી છે.

અરબ સાગરમાં ૨૮ તારીખથી એક સિસ્ટમ સક્રિય થઈ રહી છે. જેને કારણે ૨૬ થી ૨૯ સપ્ટેમ્બર સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૭ મીએ આજે નર્મદા, તાપી, જિલ્લામાં બે દિવસ વરસાદની આગાહી છે. તો ૨૮ મી સપ્ટેમ્બરે ડાંગ અને વલસાડમાં વરસાદની આગાહી છે.

### ૪ વર્ષ બાદ પણ જમીની હકીકત નથી બદલાઈ : હાઈકોર્ટ

## હાઈકોર્ટે રખડતા ઢોર અને રોડ મુદ્દે સરકારની ઝાટકણી કાઢી

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત સરકાર દ્વારા કાગળ પર જ કામ કરાયું છે, ગ્રાઉન્ટ પર કોઈ જ એક્શન લેવામાં આવ્યા નથી**

| અમદાવાદ, તા.૨૭ |

ગુજરાતમાં રખડતા ઢોરના ત્રાસથી જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. તો બીજી બાજુ તંત્ર આ બાબતને લઈને મૌન સેવી રહ્યું છે. ત્યારે હજુ પણ રસ્તા પર ફરતા પશુઓના કારણે વાહનચાલકો, રાહદારીઓ અને નાના બાળકોથી લઈને વૃદ્ધો સતત તેનો ભોગ બની રહ્યાં છે. છેલ્લા કેટલાય સમયથી રાજ્યમાં ક્યાંક ને ક્યાંક કોઈનું આ રખડતા ઢોરના કારણે મૃત્યુ થાય છે. ત્યારે આ મામલે ગુજરાત હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ગુજરાત હાઈકોર્ટે રખડતા ઢોર અને રોડ મુદ્દે સરકારની ઝાટકણી કાઢી. એડવોકેટ અમિત પંચાલ દ્વારા હાઈકોર્ટમાં કંટેમ્પ પિટિશન દાખલ કરવામાં આવી હતી. જેમાં જણાવવામાં



આવ્યું હતું કે, રખડતા ઢોર અને ખરાબ રસ્તા માટે હાઈકોર્ટે અનેકવાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત સરકાર માટે નિર્દેશો બહાર પાડ્યા હતા. જોકે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત સરકાર દ્વારા કાગળ પર જ કામ કરાયું છે, ગ્રાઉન્ટ પર કોઈ જ એક્શન લેવામાં આવ્યા નથી. કેટલીક બાબતો હજુ લાગુ નથી થઈ એ થવી જોઈએઃ ઉઁઝઆ કંટેમ્પ પિટિશન પર આજે ન્યાયાધીશ દિવ્યેશ જોશી અને આશુતોષ શાસ્ત્રીની બેન્ચ સમક્ષ સુનવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન કોર્ટે કેટલાક મામલાઓમાં તંત્રની કામગીરી પર સંતોષ વ્યક્ત કર્યો હતો. તો અન્ય કેટલીક બાબતોને લઈને હાઈકોર્ટે કહ્યું હતું કે, કેટલીક બાબતો હજુ લાગુ નથી થઈ એ થવી જોઈએ. આ તકે રાજ્ય સરકારે નવી કેટલ પોલિસી અંગે વિગતો કોર્ટ સમક્ષ રજૂ કરી હતી. જેના પર હાઈકોર્ટે કહ્યું હતું કે, પોલિસી અને ગ્રાઉન્ડ પર રિયાલિટીમાં તફાવત છે. તંત્રએ કાગળ પર કાર્યવાહી કરી પણ જમીની હકીકત અલગ જ છે.

# વિશેષ લેખ

### બ્રહ્માંડને (સમાંતર યુનિવર્સ) બીજું નવું બ્રહ્માંડ શોધાયું?

# અમેરિકાની અવકાશી સંસ્થા નાસાએ શોધ્યું નવું બ્રહ્માંડ



## સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ








આપણે હજી અનંત બ્રહ્માંડને ઓળખી શક્યા નથી. અને બ્રહ્માંડના રહસ્યોનો તાગ મેળવવા દુનિયાભરના વૈજ્ઞાનિકો શોધ સંશોધન ચલાવી રહ્યા છે. આ અનંત બ્રહ્માંડ વિશે હજી આપણી ઘણી માહિતી મેળવવાની બાકી ત્યાં જ આ કાળા માથાના માનવીએ એક નવાજ બ્રહ્માંડની શોધ કરીને સૌને આશ્ચર્યમા મૂકી દીધા છે જેનો શ્રેય જાય છે અમેરિકી સંસ્થા "નાસા"ને જાય છે. હા,અમેરિકાની અવકાશી સંસ્થા નાસાએ બીજું બ્રહ્માંડ (સમાંતર યુનિવર્સ) શોધી કાઢ્યું છે. જ્યાં આપણા બ્રહ્માંડ કરતાં ઉપટો સમય ચાલે છે. અત્યાર સુધી આપણને આપણા એકજ બ્રહ્માંડ વિશે માહિતી હતી બીજું પણ બ્રહ્માંડ હોઈ શકે એવી કલ્પના પણ નહોતી. પણ જયારે નાસાએ જણાવ્યું કે આપણા જેવું જ એક બીજું પણ બ્રહ્માંડ અસ્તિત્વ ધરાવે છે. એ વાત જાણીને ખાગોળવિદો મોમાં આંગળા નાંખી ગયા. હા, એ સાચી વાત છે કે આપણા બ્રહ્માંડની નજીકમાં એક બીજું બ્રહ્માંડ અસ્તીત્વ ધરાવે છે. પરંતુ અહીં સમય ઊલટો ચાલે છે. સમાંતર બ્રહ્માંડ વિશે એન્ટાર્કટિકામાં એક સંશોધન કરવામાં આવ્યું હતું. તેના આધારે નાસાના વૈજ્ઞાનિકો કહે છે કે તેઓએ બીજું બ્રહ્માંડ શોધી કાઢ્યું છે. ઘણા વૈજ્ઞાનિકો લાંબા સમયથી આપણા બ્રહ્માંડ જેવું બીજું વિશ્વ શોધી કાઢવા કામ કરી રહ્યા હતા . કેટલાક વૈજ્ઞાનિકો નવા બ્રહ્માંડ સાથે અસંમત છે.

**શું સાચે જ બે બ્રહ્માંડ છે?**

૧૩.૮ અબજ વર્ષો પહેલા બિંગ-બેંગ વખતે બે બ્રહ્માંડની રચના થઈ હતી . વૈજ્ઞાનિકોએ અહેવાલ આપ્યો છે કે ૧૩.૮ અબજ વર્ષો પહેલા બિંગ-બેંગના સમય દરમિયાન બે બ્રહ્માંડની રચના કરવામાં આવી હતી. એક જેમાં આપણે જીવીએ છીએ. બીજું એક એવું બ્રહ્માંડ છે જે હાલના સમય કરતાં પાછળની તરફ જઈ રહ્યું છે. જ્યાં ઊંધો સમય ચાલે છે. મતલબ કે ભૂતકાળ હોય તે ત્યાં વર્તમાન બની જાય છે. સમયનું ચક્ર ઊંધુંચત્તુ ચાલે છે. એક કરતા વધારે બ્રહ્માંડ હોવાનો સિદ્ધાંત વર્ષો જૂનો છે. ભારતના ગ્રંથોમાં આ વાત કહેવામાં આવી છે.

આપણા બ્રહ્માંડમાં પૃથ્વી છે તેની જેમ, અન્ય બ્રહ્માંડમાં પણ પૃથ્વી જ રહેશે. ઘણા બ્રહ્માંડ વિશે વૈજ્ઞાનિકોમાં પાંચ પ્રકારના સિદ્ધાંત છે. બિગ બેંગ ઉપરાંત, એક સિદ્ધાંત છે જે કહે છે કે બ્લેક હોલની ઘટનાથી વિપરીત, પ્રક્રિયા દ્વારા નવા બ્રહ્માંડનો જન્મ થયો હતો. બીજો સિદ્ધાંત કહે છે કે નાના બ્રહ્માંડનો જન્મ મોટા બ્રહ્માંડમાંથી થયો હતો. વિશ્વના અગ્રણી વૈજ્ઞાનિકો સ્ટીફન હોકિંગે બ્રહ્માંડ પર છેલ્લું સંશોધન કર્યું હતું. આપણા બ્રહ્માંડ સિવાય, અન્ય ઘણા બ્રહ્માંડ અસ્તિત્વમાં છે. તેમનું પેપર મે ૨૦૧૮ માં પ્રકાશિત થયું હતું. હોકિંગના સિદ્ધાંત મુજબ, ઘણા બ્રહ્માંડ આપણા જેવા બરાબર હોઈ શકે છે, જેમાં પૃથ્વી જેવા ગ્રહો હશે. માત્ર ગ્રહ જ નહીં, સમાજ અને આપણા જેવા લોકો પણ હોઈ શકે છે. કેટલાક બ્રહ્માંડ પણ હશે, જેના ગ્રહો પૃથ્વીથી સંપૂર્ણપણે ભિન્ન હશે, ત્યાં સૂર્ય કે તારા નહીં હોય, પણ નીતિશાસ્ત્રના નિયમો આપણા જેવા હશે.

વૈજ્ઞાનિકોએ એન્ટાર્કટિક ઈમ્પલસિન ટ્રાંસિએટ એન્ટિનાને એક બલૂન દ્વારા તે ઊંચાઈ સુધી પહોંચાડ્યું જ્યા હવા શુષ્ક છે. રેડિયો નોઈઝ નથી હોતું. આઉટર સ્પેસથી પૃથ્વી પર હાઈ એનર્જી પોર્ટિલ્સ આવતા રહે છે જે અહીંની તુલનામાં ઘણા લાખ ગણા શક્તિશાળી હોય છે. જે કણોનું વજન શૂન્યથી નજીક હોય છે અને જે લૉ-એનર્જીના હોય છે. જેમ કે સબ એટોમિક ન્યૂટ્રીનોસ. આ કોઈ પણ કણ સાથે ટકરાયા વિના પૃથ્વીની આરપાર થઈ જાય છે. પરંતુ હાઈ એનર્જી કણ પૃથ્વીના સોલિડ મેટર સાથે ટકરાઈને અટકી જાય છે.હાઈ એનર્જી કણને માત્ર આઉટર સ્પેસથી માત્ર નીચે આવતા સમયે જ ઓળખી શકાય છે. પરંતુ ANITAથી એવા ન્યૂટ્રીનોસની ઓળખ થઈ છે જે પૃથ્વીથી ઉપરની તરફ આવી રહ્યાં હતા એટલે કે આ કણ સમયમાં પાછળની તરફ ચાલી રહ્યાં છે. જો સમાંતર બ્રહ્માંડની થિયરીને સાચી સાબિત કરે છે.

વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે, એકથી વધારે યૂનિવર્સની થિયરી વર્ષો જુની છે. આ બ્રહ્માંડમાં જેમ ધરતી છે તેમ બીજા યૂનિવર્સમાં પણ પૃથ્વી હશે. ઘણાં બ્રહ્માંડોને લઈને વૈજ્ઞાનિકો વચ્ચે પાંચ પ્રકારની થિયરી છે. તેમાં બિગ બેંગ સિવાય પણ એક થિયરી છે જે કહે છે કે બ્લેક હોલની ઘટનાની બરોબર ઉલટ પ્રક્રિયાથી નવા યૂનિવર્સ પેદા થયાં. બીજી એક થિયરી કહે છે કે, મોટા યૂનિવર્સથી અન્ય નાના યૂનિવર્સ પેદા થયાં છે.

દુનિયાના પ્રખ્યાક વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગનું છેલ્લું રિસર્ચમાં ઘણાં બ્રહ્માંડોને લઈ હતુ. એટલે કે આપણાં બ્રહ્માંડ સિવાય ઘણાં યૂનિવર્સ હાજર છે. મે ૨૦૧૮માં તેમનું આ પેપર પબ્લિશ થયું હતું હોકિંગની થિયરી પ્રમાણે ઘણાં યૂનિવર્સ આપણી જેવા જ હોય શકે છે જેમાં ધરતી જેવા ગ્રહ હશે. ગ્રહ જ નહી પરંતુ આપણી જેવા સમાજ અને લોકો પણ હોય શકે છે. કેટલાક બ્રહ્માંડ એવા પણ હશે જેના ગ્રહ ધરતીથી અલગ હશે, ત્યાં સુર્ય કે તારા નહી હોય પરંતુ ભૌતિક નિયમ આપણી જેવા જ હશે

ન્યૂઝ બ્રિફ

## શ્રીલંકા અને બાંગ્લાદેશની ટીમ જાહેર કરવામાં આવી



। નવી દિલ્હી, તા.૨૭ ।

આઈસીસી વનડે વિશ્વકપ માટે લગભગ દરેક દેશોએ પોતાની ટીમની જાહેરાત કરી દીધી છે. આ મેગા ઈવેન્ટ માટે ટીમમાં ફેરફાર કરવાની છેલ્લી તારીખ ૨૭ સપ્ટેમ્બર છે. આજે શ્રીલંકા અને બાંગ્લાદેશે પણ પોતાની ૧૫ સભ્યોની ટીમ જાહેર કરી દીધી છે. આ ટીમમાં બે મહત્વના ખેલાડીઓ બહાર થયા છે. શ્રીલંકાની ટીમમાં હસરંગાને ઈજાને કારણે તક મળી નથી. તો બાંગ્લાદેશની ટીમમાં સીનિયર બેટર તમિમ ઈકબાલને સ્થાન મળ્યું નથી. શ્રીલંકાની ટીમમાં સ્ટાર ઓલરાઉન્ડર વાનિંદુ હસરંગાને બહાર કરી દેવામાં આવ્યો છે. હસરંગા લંકા પ્રીમિયર લીગ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. તે સંપૂર્ણ રીતે ફિટ થઈ શક્યો નથી. હસરંગાની ગેરહાજરી શ્રીલંકા માટે મોટા ઝટકા સમાન છે. શ્રીલંકન ક્રિકેટ બોર્ડે પોતાના ૧૫ સભ્યોની જાહેરાત કરી દીધી છે. દસુન શનાકા ટીમની કમાન સંભાળશે. આઈસીસી વિશ્વકપ માટે શ્રીલંકાની ટીમ : દાસુન શનાકા (કેપ્ટન), કુસલ મેન્ડિસ, દુશાન હેમંથા, મહેશ તીક્ષ્ણા, દિલશાન મદુશંકા, પથુમ નિસાંકા, કુસલ જેનિથ, દિમુથ કરૂણારત્ને, ચરિથ અસલંકા, ધનંજય ડીસિલ્વા, સદીરા સમારવિક્રમા, દુનિથ વેલ્લાલાગે, કસુન રજિથા, મથીશા પથિરાના અને લાહિરૂ કુમારા. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે ન્યૂઝીલેન્ડ સામે વનડે સિરીઝ પૂર્ણ થયા બાદ વિશ્વકપ માટે પોતાની ટીમ જાહેર કરી દીધી છે. આ ટીમમાં સ્ટાર બેટર તમિમ ઈકબાલને સ્થાન મળ્યું નથી. તો સીનિયર ખેલાડી મહમૂદુલ્લાહની ટીમમાં વાપસી થઈ છે.

### એશિયન ગેમ્સ : શુટિંગમાં ઈતિહાસ રચાયો

# ચોથા દિવસે ભારતને ૨૫ મીટર પિસ્તોલ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મળ્યો છે

। હાંગઝોઉ, તા.૨૭ ।

ભારતને ૨૫ મીટર પિસ્તોલ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મળ્યો છે. મનુ ભાકર, ઈશા સિંહ અને રિધમ સાંગવાનની ટીમે ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો છે. બુધવારે શૂટિંગમાં ભારતનો આ બીજો મેડલ છે. હવે ભારતના હિસ્સામાં ૪ ગોલ્ડ મેડલ આવી ગયા છે. જો શૂટિંગમાં ભારતનું શાનદાર પ્રદર્શન ચાલુ રહેશે તો મેડલ ટેબલમાં ટોપ ૫ સુધીની સફર મુશ્કેલ રહેશે નહી. ભારતીય શૂટિંગ ટીમે સિલ્વર મેડલ જીત્યો હતો. ભારતે ૫૦ મીટર 3P ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો છે. સિફ્ટ કુમાર સામરા, આશિ ચોકસી અને માનિની કૌશિકની




ટીમ ચીનની જિયા સિયુ, હાન જિયાયુ અને ઝાંગ ક્વિઓંગ્યુને પાછળ છોડીને બીજા ક્રમે રહી હતી. ભારતીય ટીમે હાંગઝોઉમાં યોજાયેલા એશિયન ગેમ્સ ૨૦૨૩માં શાનદાર શરૂઆત કરી છે. ભારતે પહેલો મેડલ ૨૪ સપ્ટેમ્બરે જીત્યો હતો અને ત્યારબાદ સતત મેડલ આવી રહ્યા છે. ભારતની ઝોળીમાં વધુ એક ગોલ્ડ મેડલ આવ્યો છે. ભારતે શરૂઆતના ત્રણ દિવસમાં ૧૪ મેડલ જીત્યા જ્યારે ચોથા દિવસે સિલ્વર મેડલ બાદ હવે ગોલ્ડ મેડલ પણ મળ્યો છે. ૧૯માં એશિયન ગેમ્સના ચોથા દિવસે ભારતને પહેલો મેડલ ૫૦ મીટર રાઈફલ ઈવેન્ટમાં મળ્યો છે. ૫૦ મીટર રાઈફલ ૩ પોઝીશન મહિલા ટીમ સ્પર્ધામાં ૧૭૫૪ અંકની સાથે ભારતે સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. ભારતીય ટીમમાં આશી ચોક્સે, માનિની કૌશિક, અને સિફ્ત કૌર સમરા સામેલ હતા. ભારતે અત્યાર સુધીમાં કુલ ૧૬ મેડલ જીત્યા છે જેમાં ગોલ્ડ મેડલની સંખ્યા હવે ૪ થઈ ગઈ છે.

## વિરાટ કોહલી વર્લ્ડકપ-૨૦૨૩ બાદ લેશે સંન્યાસ ?

। નવી દિલ્હી, તા.૨૭ ।

ભારતનો સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી પોતાના કરિયરના તે પડાવમાં છે, જ્યાં તે મેદાનમાં ઉતરવાની સાથે કોઈને કોઈ રેકોર્ડ પોતાના નામે કરે છે. કોહલી જલ્દી આઈસીસી વનડે વિશ્વકપ ૨૦૨૩માં ધમાલ મચાવતો જોવા મળશે, જેની શરૂઆત ૫ ઓક્ટોબરથી થઈ રહી છે. પરંતુ વિશ્વકપ શરૂ થતા પહેલા વિરાટ કોહલીના મિત્ર અને આફ્રિકાના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર એબી ડિવિલિયર્સે એક ચોંકાવનારી ભવિષ્યવાણી કરી છે. એબીડીનું કહેવું છે કે જો ભારત વિશ્વકપ જીતી જાય તો કોહલી વનડે ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી શકે છે. ડિવિલિયર્સને લાગે છે કે કોહલી માટે ૨૦૨૭માં દક્ષિણ આફ્રિકામાં યોજાનાર વનડે વિશ્વકપ રમવો મુશ્કેલ છે. તેવામાં ૩૬ વર્ષીય કોહલી વનડેમાંથી નિવૃત્તિ જાહેર કરી ટેસ્ટ પર ફોકસ કરી શકે છે. ડિવિલિયર્સે પોતાની યૂટ્યૂબ ચેનલ પર કહ્યું- મને ખ્યાલ છે કે કોહલીને (૨૦૨૭ વિશ્વકપ માટે) આફ્રિકાની યાત્રા કરવી પસંદ છે, પરંતુ આ કહેવું ખુબ મુશ્કેલ છે. તેમાં ઘણો સમય બાકી છે. મને લાગે છે કે વિરાટ કોહલી તમને આ જણાવશે.

### દેશનું પૂર્વોત્તર રાજ્ય મણિપુર હિંસાની લપેટમાં

# મણિપુરમાં હિંસાના મુદ્દે મુખ્યમંત્રીની બરતરફીની કોંગ્રેસ અધ્યક્ષની માંગ

### ૧૪૭ દિવસથી મણિપુરના લોકો પીડાઈ રહ્યા છે પરંતુ પીએમ પાસે રાજ્યની મુલાકાત લેવાનો સમય નથીઃ ખડગેનો આક્ષેપ

। નવી દિલ્હી, તા.૨૭ ।

દેશનું પૂર્વોત્તર રાજ્ય મણિપુર હિંસાની લપેટમાં છે. થોડા દિવસોની શાંતિ બાદ રાજ્યમાં ઈન્ટરનેટ સેવા ચાલુ કરી દેવામાં આવી છે. ઈન્ટરનેટ સેવા ચાલુ કર્યા બાદ સોશિયલ મીડિયા પર બે વિદ્યાર્થીઓની હત્યાની તસવીર વાયરલ થઈ ગઈ હતી. ત્યારબાદ ફરી ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. રાજ્યમાં ફેલાયેલી અશાંતિને લઈનેકોંગ્રસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ ભારતીય જનતા પાર્ટી અને વડા પ્રધાન મોદી પર નિશાન સાધ્યુ છે. તેમણે કહ્યું કે, મણિપુરના લોકો આટલા દિવસથી પરેસાન છે પરંતુ પીએમ મોદી પાસે રાજ્યની મુલાકાત લેવાનો પણ સમય નથી. બીજેપીના કારણે મણિપુર યુદ્ધનું મેદાન બની ગયુ છે. આ સાથે જ કોંગ્રેસ અધ્યક્ષે મુખ્યમંત્રી એન બિરેન સિંહની બરતરફીની માંગ કરી છે. તેમણે કહ્યું કે, તેઓ એક અયોગ્ય મુખ્યમંત્રી છે. કોંગ્રેસ અધ્યક્ષે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપર લખ્યું કે, ૧૪૭ દિવસથી મણિપુરના લોકો પીડાઈ રહ્યા છે પરંતુ પીએમ મોદી પાસે રાજ્યની મુલાકાત લેવાનો સમય નથી. આ હિંસામાં વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરવાની ભયાવહ તસવીરોએ સમગ્ર દેશને ફરી એક વખત હચમચાવી મૂક્યો છે. હવે એ સ્પષ્ટ છે કે, આ સંઘર્ષમાં મહિલાઓ અને બાળકો વિરુદ્ધ હિંસાને હથિયાર બનાવવામાં આવ્યુ હતું. મલ્લિકાર્જુન ખડગેએ આગળ કહ્યું કે, સુંદર રાજ્ય મણિપુરને ભાજપના કારણે યુદ્ધના મેદાનમાં બદલી લેવામાં આવ્યું. હવે સમય આવી ગયો છે કે, પીએમ મોદી બીજેપીના અયોગ્ય મણિપુરના મુખ્યમંત્રીને બરતરફ કરે. આગળની કોઈ પણ ઉથલ-પાથલને નિયંત્રિત કરવા માટે પહેલો નિર્ણય હશે. મણિપુરમાં ૩ મેના રોજ આદિવાસી એકતા માર્ચ પછી ફાટી નીકળેલી જાતિ હિંસા બાદ ૧૭ વર્ષના વિદ્યાર્થી હિઝામ લિનથોઈનગાંબી અને ૨૦ વર્ષના વિદ્યાર્થી ફિઝામ હેમજીતની બે તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

### રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન છે નીતા અંબાણી

# નીતા અંબાણીને એનાયત થયો સિટિઝન ઓફ મુંબઈ પુરસ્કાર

### નીતા અંબાણીએ રોટરી ક્લબનો આભાર માન્યો છે

। મુંબઈ, તા.૨૭ ।

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા અંબાણીને રોટરી ક્લબ ઑફ બોમ્બે દ્વારા પ્રતિષ્ઠિત અવૉર્ડ 'સિટિઝન ઑફ મુંબઈ ૨૦૨૩-૨૪'થી સન્માનિત કરવામાં આવ્યા છે. રિલાયન્સ ફાઉન્ડેશને ટ્વીટ કરીને આ અવૉર્ડ વિશે માહિતી આપી હતી. નીતા અંબાણીને પરિવર્તનશીલ સંસ્થાઓ દ્વારા આરોગ્યસંભાળ, શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર યોગદાન માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો છે. સન્માન મેળવ્યા બાદ નીતા અંબાણીએ કહ્યું, આપણા શહેર અને સમુદાય માટે રોટરી ક્લબ ઓફ બોમ્બેના અમૂલ્ય યોગદાન માટે હું નમ્રતાપૂર્વક આ અવોર્ડ સ્વીકારું



છું. મારા સસરા ધીરુભાઈ અંબાણી ૧૯૬૯માં માનદ રોટેરિયન બન્યા ત્યારથી રોટરી ક્લબ સાથે મારા પરિવારનું જોડાણ છે, જે દાયકાઓ જૂનો સંબંધ છે. જે બાદ ૨૦૦૩માં મુકેશ રોટેરિયન બન્યા હતા. રોટેરિયન તરીકે આ મારું ૨૫મું વર્ષ છે. મેં વર્ષોથી તમારી સાથેના આ પ્રવાસને પ્રેમથી યાદોમાં રાખ્યો છે. વાસ્તવમાં, સિટીઝન ઓફ મુંબઈ અવોર્ડ એ રોટરી ક્લબ ઓફ બોમ્બે દ્વારા આપવામાં આવતું એક પ્રતિષ્ઠિત સન્માન છે, જે દર વર્ષે સમાજના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન માટે આપવામાં આવે છે. તમને જણાવી દઈએ કે આ વર્ષની શરૂઆતમાં નીતા અંબાણીએ મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તે પ્રેક્ષકો અને કલાકારો બંને માટે ભારતીય કલા અને સંસ્કૃતિને શ્રેષ્ઠ રીતે પ્રકાશિત કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે. નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર ભારતમાં તેના પ્રકારનું પ્રથમ સાંસ્કૃતિક કેન્દ્ર છે. ભારતીય અને આંતરરાષ્ટ્રીય કલાકારોના પ્રદર્શન માટે ૧૬ હજાર ચોરસ ફૂટમાં ફેલાયેલું ચાર માળનું આર્ટ હાઉસ બનાવવામાં આવ્યું છે.

### ઉત્તરપ્રદેશના વારાણસીની ચર્ચાસ્પદ ઘટના

## વારાણસીમાં રસ્તા પરના પાણીમાં પડેલા બાળકને વૃદ્ધે કરંટથી બચાવ્યો હતો

। વારાણસી, તા.૨૭ ।

ઉત્તરપ્રદેશના વારાણસીમાં એક બાળક વરસાદના કારણે રસ્તા પર ભરાયેલા પાણીમાં પડી ગયો હતો. તે પાણીમાં કરંટ હતો. જેના કારણે તે તરફડવા લાગ્યો હતો. આ દરમિયાન એક વૃદ્ધે હિંમત બતાવી બાળકનો જીવ બચાવ્યો હતો. આ દરમિયાન સ્થળે હાજર અન્ય લોકો માત્ર દર્શક બની ઉભા રહ્યા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. લોકો વૃદ્ધના વખાણ કરી રહ્યા છે. મળેલી માહિતી અનુસાર આ મામલો વારાણસીના ચેતગંજ પોલીસ સ્ટેશનના હબીબપુરા વિસ્તારનો છે. વરસાદના કારણે રસ્તા પર પાણી ભરાઈ ગયું હતું.



તે જગ્યાએ ઈલેક્ટ્રીક પોલ પણ હતો. આ પોલમાં કરંટ ઉતરી આવ્યો હતો. ત્યાં ઉભા રેહલા એક બાળકને કરંટ લગતા તે પાણીમાં પડી ગયો હતો. તે જ સમયે રસ્તા પરથી મુસાફરોને લઈને એક ઈ-રિક્ષા પસાર થઈ હતી. બાળકને કરંટના કારણે તરફરડા જોઈ રિક્ષા રોકાઈ ગઈ હતી. બાળકને પાણીમાં તરફરડા જોઈ એક વૃદ્ધ વ્યક્તિ આગળ આવી તેને બચાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

### દેશના પાટનગરમાં ડેન્ગ્યુનો કહેર

# દિલ્હીમાં છેલ્લા છ માસમાં દરમિયાન ડેન્ગ્યુના ત્રણ હજારથી વધુ કેસ

### સપ્ટે.માં નોંધાયેલા ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૪ વર્ષમાં સૌથી વધુ

। નવી દિલ્હી, તા.૨૭ ।

દેશની રાજધાનીમાં ડેન્ગ્યુનો કહેર યથાવત રહેતા છેલ્લા છ મહિનામાં ડેન્ગ્યુના ૩ હજારથી પણ વધુ કેસ મળી આવ્યા છે. આ કેસોમાં એક દર્દીનું મોત પણ થયું છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી) દ્વારા ગૃહમાં જાહેર કરવામાં આવેલા આંકડાથી આ માહિતી સામે આવી છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી) અનુસાર સપ્ટેમ્બરમાં નોંધાયેલા ડેન્ગ્યુના કેસોની સંખ્યા ચાર વર્ષમાં સૌથી વધુ છે. જો કે એમસીડીએ મંથલી



ડેટા જાહેર કર્યા ન હતા. એમસીડીએ પાંચમી ઓગસ્ટે પહેલીવાર ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને મલેરિયાના સત્તાવાર આંકડા જાહેર કર્યા હતા, જે મુજબ ઓગસ્ટ મહિના સુધી ડેન્ગ્યુના ૩૪૮ કેસ નોંધાયા હતા જ્યારે જુલાઈમાં ૧૨૧, જૂનમાં ૪૦ અને મે મહિનામાં ૨૩ કેસ નોંધાયા હતા. આ આંકડા અનુસાર ૨૦૨૩-૨૪માં અત્યાર સુધીમાં ડેન્ગ્યુના ૩૦૩૧ કેસો મળી આવ્યા છે. ડેન્ગ્યુ તાવમાં પ્લેટલેટ કાઉન્ટની સંખ્યામાં ઘટાડો એ મુખ્ય લક્ષણ છે પરંતુ ડેન-૨ વેરિઅન્ટમાં દર્દીઓ શોક સિન્ડ્રોમથી વધુ પીડાય છે અને બ્લડ પ્રેશરમાં ઘટાડો, નબળાઈ અને ચક્કર આવે છે. આ સ્થિતિમાં ડેન્ગ્યુ તાવ ઓછો તથા બાદ પણ દર્દીએ ઓછામાં ઓછા પાંચ દિવસ સુધી સ્વાસ્થ્યની તપાસ કરાવવી જરુરી છે.

### સૌથી મોટી એજ્યુટેક ફર્મ બાયજુસ ફરી વિવાદમાં

## બાયજુસમાં કોસ્ટ કટિંગનો પ્લાન તૈયાર, ૪૦૦૦ કર્મીની છટણી થશે

। નવી દિલ્હી, તા.૨૭ ।

દેશમાં સૌથી મોટી એજ્યુટેક ફર્મ બાયજુ (બાયજુસ) માં ફરી એક વખત કર્મચારીઓ પર છટણી (લે ઓફ) નું સંકટ જોવા મળી રહ્યું છે. કંપનીના સીઈઓ અર્જુન મોહનએ રિસ્ટ્રક્ચરિંગની કવાયત ઝડપી કરતાં કોસ્ટ કટિંગનો પ્લાન તૈયાર કર્યો છે. અહેવાલ અનુસાર આ વખતે લગભગ ૪,૦૦૦ કર્મચારીઓની છટણી કરવામાં આવી શકે છે. આ અંગે ગત અઠવાડિયે જ ભારતમાં બાયજુસના સીઈઓ તરીકેનો પદભાર સંભાળનારા અર્જુન મોહને કંપનીના મેનેજમેન્ટને આ પ્લાન વિશે જાણકારી આપી દીધી છે. એક અહેવાલ અનુસાર ફન્ડિંગની અછતનો સામનો કરી રહેલી બાયજુસકંપની ઓપરેશનલ સ્ટ્રક્ચરને સરળ બનાવવા માટે કોસ્ટ કટિંગની યોજના બનાવી રહી છે. બિઝનેસ રિસ્ટ્રક્ચરિંગ કરવાની આ કવાયત હેઠળ તે કંપનીના કુલ વર્કફોર્સમાંથી ૧૧ ટકા કર્મચારીઓની છટણી કરવાની યોજના ધરાવે છે. આ કર્મચારીઓની સંખ્યા આશરે ૪૦૦૦ હોઈ શકે છે. સૂત્રોના જણાવ્યાંનુસાર બેંગ્લુરુમાં આવેલી એડટેક કંપનીમાં કુલ કર્મચારીઓની સંખ્યા આશરે ૩૫,૦૦૦ છે. અગાઉ જૂન ૨૦૨૩ માં પણ કંપનીએ ૧૦૦૦ લોકોની છટણી કરી હતી. અહેવાલ અનુસાર નવી છટણીથી બાયજુસને ઓપરેટ કરતી એન્ટિટી થિંક એન્ડ લર્ન પ્રાઈવેટ લિમીટેડના ભારતીય કર્મચારીઓની સાથે જ આકાશના એમ્પ્લોઈઝ પર અસર થઈ શકે છે.

### ઈઝરાયેલ માટે અમેરિકાની ખાસ ભેટ

# ઈઝરાયેલના નાગરિકો વિઝા વિના અમેરિકા જઈ શકશે

**આ જાહેરાત એકાદ સપ્તાહમાં જ થઇ જશે, અમેરિકાનો ગૃહ સુરક્ષા વિભાગ આ કાર્યક્રમનું સંચાલન કરે છે**

। નવી દિલ્હી, તા.૨૭ ।

દુનિયાના કેટલાક દેશો અને કેટલીક પ્રજાઓ તેવી છે કે જેઓ સૈકાઓથી વિદેશી આક્રમણો સામે પીસાતી જ રહી છે. તેમાં સૌથી પહેલું નામ ઈઝરાયેલનું આવી શકે તેમ છે. ઈ.સ. પૂર્વે ઈજીપ્તના સામ્રાજ્યવાદથી શરૂ કરી છેક, પ્રથમ વિશ્વયુદ્ધમાં ઓટોમત સામ્રાજ્યનું પણ પતન થયું ત્યાં સુધી યહૂદીઓ વિદેશી શાસનથી પીસાતા જ રહ્યા હતા. આર્મેનિયન્સની પણ આવી જ સ્થિતિ હતી. તે પહેલાં (ઈ.સ. પૂર્વેથી શરૂ થયેલા) ઈરાની સામ્રાજ્યવાદ નીચે અને છેવટે ઓટોમન સલ્તનત નીચે એટલી હદે પીલવામાં આવ્યા હતા કે ૧૮૮૧માં ગ્લેડસ્ટને, ઓટોમન સુલ્તાન હમીદ માટે ઈંગ્લેન્ડની પાર્લામેન્ટમાં તે જ



કહ્યું હતું કે : 'હીઝ નેઈમ ઈઝ વર્થ નોટ અટરિંગ ઈન ધિસ ઓગસ્ટ એસેમ્બલી'.

ભારતે પણ અમાનુષ આક્રમણો સહન કર્યા છે પરંતુ, ભારતને વિશાળ વસ્તી હતી તે ગમે તેમ કરી તેની સંસ્કૃતિ આજ દીવસ સુધી ટકાવી શક્યું. ખરી શાબાશી તો, ઈઝરાયલ અને આર્મેનિયાને આપવી જોઈએ કે જેની મુઠ્ઠીભર જનતાએ, ૬૩૨થી શરૂ થયેલાં આક્રમણોથી શરૂ કરી પ્રથમ વિશ્વયુદ્ધના અંત સુધી સતત વરસાવાઈ રહેલા ત્રાસ સામે ટકી રહી, પોતાની સંસ્કૃતિ જાળવી શકી. તેવાં ઈઝરાયલની જનતાને બાયડેન વહીવટીતંત્ર હવે, એક ભવ્ય ભેટ આપવાનું છે તે છે 'વિઝા' સિવાય જ યહૂદીઓને સ્પેશ્યલ ક્લબમાં સામેલ કરવાથી. તેના નાગરિકોને અમેરિકા આવવા માટે વિઝા લેવામાંથી મુક્તિ અપાશે. આ સપ્તાહ દરમિયાન જ અમેરિકા આ નિર્ણય લેવાયો છે.

સમાચાર એજન્સીના રીપોર્ટ પ્રમાણે અમેરિકી અધિકારીઓનું કહેવું છે કે આ જાહેરાત એકાદ સપ્તાહમાં જ થઈ જશે. અમેરિકાનો ગૃહ સુરક્ષા વિભાગ આ કાર્યક્રમનું સંચાલન કરે છે.

### ચંદ્રયાન-3 મિશનની સફળતાથી ઈસરોમાં ઉત્સાહનો સંચાર

# ઈસરોની નજર સૌરમંડળની બહારના તારા-ગ્રહોના રહસ્યને શોધવા ઉપર

### શુક્રના અભ્યાસ માટે એક મિશન અને અંતરિક્ષના ક્લાઈમેટ અને પૃથ્વી પર તેની અસરનો અભ્યાસ કરવા બે ઉપગ્રહો મોકલવાની પણ યોજના

। નવી દિલ્હી, તા.૨૭ ।

ચંદ્રયાન-૩ મિશનની સફળતા બાદ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની નજર હવે સૌરમંડળની બહારના તારાઓ અને ગ્રહોના રહસ્યને શોધવા પર છે. ઈસરોના વડા એસ. સોમનાથે જણાવ્યું હતું કે ઈસરોએ બાહ્ય ગ્રહોના રહસ્યોને જાણવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જેમાંથી કેટલાક ગ્રહો પર વાતાવરણ હોવાની માહિતી છે અને આ ગ્રહો માનવીના વસવાટને અનુકૂળ હશે તેવું મનાઈ રહ્યું છે. ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીના એક કાર્યક્રમને સંબોધતાં સોમનાથે જણાવ્યું હતું કે સ્પેસ એજન્સી શુક્રના અભ્યાસ માટે એક મિશન મોકલવાની અને અંતરિક્ષના ક્લાઈમેટ અને પૃથ્વી પર તેની અસરનો અભ્યાસ કરવા માટે બે ઉપગ્રહો મોકલવાની પણ યોજના બનાવી રહી છે. તેમણે કહ્યું કે, એક્સપોસેટ અથવા એક્સ-રે પોલારીમીટર સેટેલાઈટ આ વર્ષે ડિસેમ્બરમાં લોન્ચ



થવાનો છે. આ ઉપગ્રહ એવા તારાઓના અભ્યાસ માટે મોકલવામાં આવશે જે લુપ્ત થવાની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે. અમે એક્ઝોવર્લ્ડ નામના ઉપગ્રહ પર પણ વિચારણા કરી રહ્યા છીએ જે સૌરમંડળની બહારના ગ્રહો અને અન્ય તારાઓની પરિક્રમા કરતા ગ્રહોનો અભ્યાસ કરશે. તેમણે કહ્યું કે સૌરમંડળની બહાર ૫,૦૦૦ થી વધુ ગ્રહો છે, જેમાંથી ઓછામાં ઓછા ૧૦૦ પર વાતાવરણ હાજરી હોવાનું મનાય છે.

## મથુરા રેલવે સ્ટેશન પર ટ્રેન પ્લેટફોર્મ પર ફરી વળી

। લખનઉ, તા.૨૭ ।

ઉત્તરપ્રદેશના મથુરા જંક્શન પર મોડી રાતે એક ભયંકર ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી. શકૂર બસ્તીથી આવતી એક ઈએમયુ ટ્રેન મથુરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર ફરી વળી હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધી કોઈ મોટી જાનહાનિના અહેવાલ સામે આવ્યા નથી. મથુરા સ્ટેશનના નિર્દેશક એસ. કે. શ્રીવાસ્તવે કહ્યું કે તમામ યાત્રીઓ પહેલાંથી જ ટ્રેનમાંથી ઊતરી ગયા હતા જેના લીધે મોટી જાનહાનિ ટળી ગઈ હતી. જોકે હજુ સુધી દુર્ઘટનાનું કારણ જાણી શકાયું નથી. તેમણે કહ્યું કે આ ટ્રેન શકુર બસ્તીથી આવે છે. ટ્રેન રાતે ૧૦:૪૯ વાગ્યે પહોંચી હતી. તમામ યાત્રીઓ ટ્રેનથી ઉતરી ગયા હતા. જોકે દુર્ઘટનાના સમયે પ્લેટફોર્મ પર હાજર યાત્રીઓમાં ફફડાટ મચી ગયો હતો. આ મામલે સ્ટેશનના નિર્દેશકે કહ્યું કે અચાનક જ ટ્રેન પ્લેટફોર્મ પર ચઢી આવતાં નાસભાગ મચી ગઈ હતી. આ મામલે દુર્ઘટનાના કારણો જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે. અપલાઈનમાં અમુક ટ્રેનોને અસર પણ થઈ હતી.

## તંત્રી લેખ...

# ઈન્ટરનેટ મીડિયા સુધી આસાન પહોંચના ખતરા

સગીરોમાં ઈન્ટરનેટના વધતા ઉપયોગ અને તેની સાથે જોડાયેલા નુકસાનને રેખાંકિત કરતાં કર્ણાટક હાઈકોર્ટે હાલમાં જ સૂચના આપતાં કહ્યું છે કે વયસ્ક થાય ત્યારે જ તેમને ઈન્ટરનેટ મીડિયાનો ઉપયોગ કરવાનો અવસર આપવો જોઈએ. વસ્તુતઃ જસ્ટિસ જી. નરેન્દ્ર અને જસ્ટિસ વિજયકુમાર એ. પાટીલની ખંડપીઠ એક્સ કોર્પ (ટ્વિટર) સાથે જોડાયેલી એક અપીલની સુનાવણી કરી રહી હતી. આ દરમ્યાન આ ટિપ્પણી પણ કરવામાં આવી હતી. ખંડપીઠે કહ્યું, 'સ્કૂલે જનારાં બાળકો ઈન્ટરનેટ મીડિયાના આદતી થઈ ગયા છે, તેથી તેને રોકવું પડશે.' હવેના જમાનામાં સ્માર્ટફોન સ્ક્રીન વાલીઓ માટે એક અંતહીન ગુસ્સાનું કારણ બની રહી છે. એક તરફ બાળકો સ્માર્ટ ફોન ઈચ્છતા હોય છે, તો બીજી તરફ વાલીઓ ભલે સ્માર્ટફોનના વ્યસની બની ગયા હોય અને એ જાણવા છતાં કે ઈન્ટરનેટમાં ઘણી બધી ચીજો બાળકો માટે છે, તે તેમને આપવા પણ માંગે છે અને નહીં પણ, આ બધું મળીને ભારતીય ઘરોમાં માનસિક દ્વંદ્વનો એક પરિવેશ રચાય છે, જેનાથી દરેક પરિવાર પીડિત છે. જોકે માધ્યમોની પસંદગીને લઈને ભારતીય ઘરોમાં આ દ્વંદ્વ નવો નથી. પહેલાં રેડિયો સાંભળવા, પછી ટીવી જ્યારે ઘરે ઘરે પહોંચ્યું તો એવું જ કંઈક તેની સાથે થયું કે આ બાળકોને બગાડી મૂકશે, તેમને વધુ ટીવી ન જોવા દેવું જોઈએ, એવી ચર્ચાઓ દરેક ઘરની કહાની હતી. પરંતુ સ્માર્ટફોનની કહાની આ બધા માધ્યમોથી અલગ છે. આ એક બહુ શક્તિશાળી માધ્યમ છે જેની સાથે ફોન અને કેમેરા લાગેલો છે, જે આપણા ખિસ્સામાં આવી જાય છે અથવા એમ કહો કે તે આપણે વ્યસ્ત રહેવા માટે ઉશ્કેરે છે અને પછી આપણી વ્યાકુળતાના સ્તરને વધારે છે અને અંતમાં આપણને તેના વ્યસની બનાવી દે છે. બાળકો મામલે આ સ્થિતિ વધુ ગંભીર થઈ જાય છે, કારણ કે સ્માર્ટફોન એક માધ્યમ રૂપે વધુ વ્યક્તિગત અને માંગ પર ઉપલબ્ધ કન્ટેન્ટ પ્રદાન કરે છે, જે અંતર વૈયક્તિક સંબંધોની ગતિશીલતાને પ્રભાવિત કરે છે. તેથી તેનાથી દૂર થઈ શકવું તુલનાત્મક રૂપે થોડું મુશ્કેલ હોય છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર, એકથી પાંચ વર્ષનાં બાળકો માટે સ્ક્રીમ ટાઈમ દિવસમાં એક કલાકથી વધારે ન હોવો જોઈએ. ૬થી ૧૪ વર્ષના બાળકો માટે વધુમાં વધુ સ્ક્રીમ ટાઈમ પ્રતિદિન છ કલાક હોવો જોઈએ, પંરતુ માત્ર ત્યારે જ્યારે બાળકે ઓનલાઈન શિક્ષણ લેવાનું હોય. નહિ તો આ સમયસીમા બે કલાક હોવી જોઈએ. માતા-પિતાને પરિપક્વ સામગ્રી સુધી પહોંચને પ્રતિબંધિત કરવા માટે 'એડલ્ટ વેબસાઈટોને સીમિત કરો' વિકલ્પની પસંદગી કરવાની પણ અનુમતિ આપે છે. આ સીમાઓ, જે ગૂગલના એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમનો ઉપયોગ કરનારા ફોન પર પણ ઉપલબ્ધ છે, માતા-પિતા દ્વારા એક પાસવર્ડ સેટ કરવા પર નિર્ભર કરે છે, જેને માત્ર તેઓ જ જાણે છે. કોલોરાડો યુનિવર્સિટી, અમેરિકાની એક શોધમાં એ નિષ્કર્ષ નીકળ્યો છે કે વિશ્વના લગભગ ૯૦ ટકા બાળકો (૫ થી ૧૭ વર્ષની ઉંમરના) સ્માર્ટફોન પર વધુ સમય વીતાવી રહ્યા છે, તેથી તેઓ મોડા સૂવે છે અને તેમની ઊંઘની ગુણવત્તા પ્રભાવિત થાય છે. તેના દુષ્પરિણામ બાળકોની ઊંઘ અને એકાગ્રતામાં કમી રૂપે સામે આવે છે. સ્માર્ટફોનથી નીકળનારા પ્રકાશના તરંગો શરીરની આંતરિક જૈવિક ઘડિયાળ અને ઊંઘ લેવાની પ્રક્રિયા પર અસર કરે છે, જે શરીરના મેલાટોનિન હોર્મોનને ઓછું કરે છે, જે આપણા શરીરને એ બતાવે છે કે સૂવાનો સમય થઈ ગયો છે.

## રૂપિયા વગરનો વ્યવહાર

બદલાવ એ સમયની માંગ છે. જો સમય સાથે તાલ મેળવવા બદલાવ ન કરવામાં આવે તો પતનના શ્રી ગણેશ થઈ જ જાય છે. જેને ધ્યાને લઈને માનવજાતિએ પણ ઘણા પરિવર્તન કર્યા છે. એક સમય એવો હતો કે તેમાં વસ્તુના બદલામાં વસ્તુ મળતી હતી. અને હવે દુનિયા ક્યાંની ક્યાં પહોંચી ગઈ છે. હવે ડિજિટલ કરન્સીનો જમાનો આવી ગયો છે. માણસને ક્યાંય પણ પૈસા સાથે રાખવાની જરૂર જ પડતી નથી. આમ માણસે પોતાની સરળતા માટે અનેકવિધ નવા નવા વિનિમયના પ્રકારો શોધી કાઢવાની કુચ ચાલુ જ રાખી છે. શરૂઆતના તબક્કે જ્યારે વિનિમય વ્યવસ્થા શરૂ થઈ ત્યારે લોકોએ બાર્ટર અપનાવ્યું હતું. સામાજિક વ્યવસ્થા પ્રમાણે જે લોકો જે વસ્તુનો વ્યાપાર કરતા હોય તે વસ્તું જરૂરિયાતની વસ્તુ મેળવવા માટે એક્સચેન્જ કરતા હતા. પછી એક્સચેન્જમાં ગૌધનનું ચલણ આવ્યું હતું. જેમાં વસ્તુના બદલામાં ગૌ ધન આપવામાં આવતું હતું. પણ ગૌ ધન એક જીવ હોય ક્યારેક ગૌ ધન મેળવ્યા બાદ જો તેનું મોત નિપજે તો ખોટનો મોટો ખાડો પડી જાય. ત્યારબાદ એક્સચેન્જમાં સોના ચાંદીનું ચલણ આવ્યું હતું. જે ખૂબ પ્રચલિત થયું હતું. રજવાડા વખતે પણ શરૂઆતમાં સોના-ચાંદીની કરન્સી અપનાવવામાં આવી હતી. ત્યારબાદ કરન્સીનું ચલણ આવ્યું હતું. જેમાં રૂપિયો આવ્યો ત્યારથી માણસ રૂપિયાવાળો કહેવાવા લાગ્યો હતો. હાલ સુધી કરન્સીનું ચલણ યથાવત રહ્યું છે. જ્યારે હવે પ્લાસ્ટિક કરન્સી પણ ધૂમ મચાવી રહી છે. જેમાં ડેબિટ કાર્ડ- ક્રેડિટ કાર્ડનો સમાવેશ થાય છે. હવે જેની શરૂઆત થઈ છે તે આવતા દિવસનું ચલણ એટલે આર્ટિફિશિયલ કરન્સી ક્રિપ્ટોકરન્સી. જે આવનાર સમયમાં ખૂબ ચલણમાં આવવાની છે. હવે ભવિષ્યમાં રોકડની લેતી દેતી કરવી નહીં પડે તે પણ નિશ્ચિત છે. આ ઉપરાંત બીજી બાજુ ડિમેટ એકાઉન્ટ આવી ગયા એટલે ફિઝિકલ શેરનો જમાનો પણ ચાલ્યો ગયો. હાલના સમયમાં ક્રિપ્ટોકરન્સીનો ક્રેઝ વધ્યો છે. ફિઝિકલની જગ્યાએ ડિજિટલ કરન્સી તરફ મોટાભાગના દેશો વળ્યાં છે. જેમાંથી ભારત પણ બાકાત નથી.  ના ના કરતે પ્યાર તુમ્હી સે કર બેઠેપ ફિલ્મી ગીતની જેમ ભારતે પણ ના ના કરતા ડિજિટલ કરન્સી તરફનો રૂખ અપનાવી લીધો છે. તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પણ આ અંગે મહત્વનું નિવેદન આપ્યું હતું અને આરબીઆઈ પોતાની ડિજિટલ કરન્સી અમલમાં મૂકશે તેવા સંકેતો આપ્યા હતા. આજના ડિજીટલાઈઝેશનના યુગમાં આ જરૂરી પણ છે તો સામે તેની નકારાત્મક અસરો પણ છે. ડિજિટલ સેવાઓનો વ્યાપ વિસ્તાર વધ્યો તો છે પણ આ સાથે તેની સામે સાયબર સુરક્ષાનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. હેકિંગના બનાવ વધ્યા છે. જો બેંકો રૂપિયા વગરની થઈ જાય એટલે કે બેક્રિંગ સુવિધા સંપૂર્ણપણે ડિજિટલી જ બની જાય તો એ સારું તો છે જ પણ આ સાથે ડિજિટલ નાણાં ચોરાવાના કે હેકિંગનો ખતરો પણ સામે એટલો જ છે. જો કે હાલ નિષ્ણાંતો આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ તેમજ બ્લોકચેઈન ટેકનોલોજી મારફત સાયબર સુરક્ષા વધુને વધુ મજબૂત બનાવવા તરફ કામ કરી રહ્યા છે. આમ, આગામી સમયમાં બેંકો જાણે સમાપ્ત થઈ જાય તેમ ટોટલી ડિજિટલ બની જશે. હવે ભવિષ્યમાં રોકડની લેતી દેતી કરવી નહીં પડે તે પણ નિશ્ચિત છે. આ ઉપરાંત બીજી બાજુ ડિમેટ એકાઉન્ટ આવી ગયા એટલે ફિઝિકલ શેરનો જમાનો પણ ચાલ્યો ગયો. હાલના સમયમાં ક્રિપ્ટોકરન્સીનો ક્રેઝ વધ્યો છે.

# આજના સમયમાં ઈશ્વર ને પ્રસન્ન કરવા ભારેખમ શબ્દોની જરૂર પડતી નથી, સીધીસાદી પ્રાર્થના પણ પરિણામદાયી છે



### સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્રાર્થના એ એક એવો ઘંટ છે કે જેનાથી ઈશ્વર પણ એ તરફ જોવા વિવશ થાય છે, અને ભક્ત પણ ઈશ્વર તરફ જુવે છે. કોઈપણ જગ્યાએ ક્યાંક પ્રાર્થના ગવાતી હોય એટલે કે કોઈ સ્કૂલ કે એની નજીક આપણે રહેતા હોઈએ, તો જ્યારે પણ પ્રાર્થના ગવાય ત્યારે આપણું મન તે તરફ ખેંચાય જ છે, અને અનાયસ એ ઉદગાર આપણા મોઢામાંથી નીકળી જાય છે. એ બતાવે છે કે પ્રાર્થના એ સૌના હૃદયને પવિત્ર કરનારુ ઝરણું છે. આમ તો બીજે ક્યાંય ઈશ્વરને શોધવા ની જરૂર જ ક્યાં છે! સૃષ્ટિ તરફ જરાક નજર કરીએ તો સમગ્ર સૃષ્ટિ એ એક મંદિરમાં વસતા દેવથી પણ વિશેષ લાગે છે. અથવા તો મૌન મૂર્તિ કરતા આ જીવંત મૂર્તિઓનું મંદિર વધુ રૂપાળું લાગે છે, એમ કહી શકાય. મારી તમારી કે પછી સંસારમાં દરેક વ્યક્તિઓની વ્યથા એ એકમાત્ર પ્રાર્થનાથી જ દૂર થઈ શકે એમ છે, અને આપણને કોઈ પણ પ્રકારના અભાવો હોવાનું કારણ પણ આપણે પોતે જ છીએ, નહીં તો આ સૃષ્ટિમાં શું નથી!! દિવસ-રાત સતત થાક્યા વગર ઊડાઊડ કરતો પવન, દિવસ-રાત જોયા વગર વહેતું પાણી, સૂર્ય ચંદ્ર નિયત સમયે રોજ થાક્યા વગર પ્રકાશે છે, અને આ પુષ્પવાટિકામાં ફુલ ઉગે છે,રસાળ ફળ પ્રાપ્ત થાય છે, વિશાળ સાગર જેવું આકાશ ન જાણે કેટલાય ગ્રહોને સમાવીને સ્થિર શાંત રહી, આપણી પર છત્ર બનીને કાયમ રહે છે.આ ધરા આપણા જેવા નિષ્ઠુરનો ભાર વર્ષો વર્ષથી સહન કરતી હોવા છતાં પણ ઉહકારો પણ કરતી નથી. આ બધું શું ઈશ્વર નથી! આ બધું જ અંતે તો આપણું પોષણ કરનારા મૂળભૂત પંચમહાભૂત ઈશ્વર તત્વ છે, અને આ સૃષ્ટિ જ એક મહિમાવંત મંદિર છે. મહાપુરુષો એ ક્યારેક આ મંદિરની વ્યાખ્યા પણ કરી છે. કવિઓએ પણ જગત, સૃષ્ટિ, પૃથ્વી, પ્રકૃતિ, પર ખૂબ રચનાઓ લખી છે, અને દરેકે દરેક જણ આ પ્રત્યેક દેવ એટલે કે પંચ પ્રાણતત્વને જ ઈશ્વર સમજવા એવો નિર્દેશ કરે છે. આવી જ એક પ્રાર્થના આપણે સૌએ નિશાળમાં ભણતા ત્યારે કરી હતી અને આજે પણ તે ઘણી સ્કૂલોમાં બોલાવાય છે.આપ સૌની તો મને ખબર નથી, પરંતુ મને તો આ રોજ નવી નવી પ્રાર્થનાઓનું ગાન કરી, અને તેને વિષે લખીને બાળપણની સ્મૃતિઓ વિંટળાઈ વળી છે. અમારા આચાર્ય દિનુ બેન સિનોરનો, કડક છતાં પેમાળ સ્વર મારા કાનોમાં ગુંજે છે. મૂળ પારસી ખાનદાની અને એકદમ ઉચ્ચ ભારતીય સંસ્કારની ગરિમા ધરાવતા હતા. તેમણે જ પ્રાર્થનાનો સાચો અર્થ એ સમયે શીખવ્યો હતો,કે પરીક્ષામાં પાસ થવા પ્રાર્થનાનો સહારો લેવાનો નથી, ત્યાં પુરુષાર્થની જરૂર પડે,ને બુદ્ધિ ચાતુર્ય એ ગુણ નથી, ગુણ તો સૌની સાથેના પ્રેમાળ વ્યવહારથી આવે, કોઈની મદદ કરવાથી આવે,થોડુંક જતું કરવાથી આવે,માફ કરી દેવાથી આવે, વગેરે વગેરે. તો આપણે આજે આવી જ સૃષ્ટિ સહજ સર્જનહારના મંગલ મંદિરની વાત કરીશું.

**મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે**
**પળ પળ તારા દર્શન થાયે દેખે દેખનહારા રે ----મંદિર**
**નહીં પુજારી નહીં કોઈ દેવા નહીં મંદિર ને તાળા રે**
**નીલ ગગન માં મહિમા ગાતા ચાંદો સૂરજ તારા રે --મંદિર**
**વર્ણન કરતાં શોભા તારી થાક્યા કવિગણ ધીરા રે**
**મંદિર માં તું ક્યાં છુપાયો શોધે બાળ અધીરા રે ---મંદિર**

કવિ શ્રી જયંતીલાલ આચાર્યનો જન્મ મહેસાણામાં થયો હતો અને તેમનું વતન અમદાવાદ છે, નવજીવન સેવા ટ્રસ્ટના તે સંસ્થાપક હતા, અને અમદાવાદની સુપ્રસિદ્ધ ગુજરાતી વિદ્યાલય,તથા શ્રેયાંશ શાળાના ગુજરાતીના તે શિક્ષક હતા આટલા મોટા ગજાના સાહિત્યકાર હોવા છતાં પણ, તેમને નામે એક પણ પુસ્તક નથી. તેમણે ઘણા બધા પુસ્તકો પર ટીપ્પણી લખી છે, અને વિવેચન કર્યું છે. તેમણે અનુવાદ પણ ઘણા બધા પુસ્તકો નું કર્યું છે, આ રચના સિવાય પણ તેમની એક સુપ્રસિદ્ધ રચના અંતરના અંતરમાં બિરાજતા એ દેવ, જે લગભગ બધાએ સાંભળી જ હશે. ચરિત્ર નિર્માણની રચનામાં ગુજરાતના સંત કવિઓ અને બાઉલ પંથને નામે બે ધારા ધરાવતા પુસ્તકોની રચના કરી, જેમાં એકમાં સ્વયં ઉચ્ચ કોટિના કવિની રચના ને બીજામાં નિરક્ષર લોકકવિ કબીર, ગંગા સતી,સંત રૈદાસ ભોજલરામ વગેરેના અનુયાયીઓની સંતવાણી કે ભજનનુ સંકલન કર્યું. ગદ્યમાં શ્રી. શારદાદેવી, ઠાકુરદાની વાતો, મર્મી સંતોનું દર્શન વગેરેના ચરિત્ર લેખન કર્યું.કવિતા કે પદ્ય ને નામે બે પુસ્તકો – ગોરસ, દીવડા, અનુવાદ – દીવાટાણું  રવીન્દ્રનાથનાં કાવ્યો અને મૌલિક, માનવધર્મ,  બ્રહ્મચર્ય, સાહિત્ય, મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ, ગીતાની ભૂમિકા અને આપણો ધર્મ, મધ્યયુગની સાધના ધારા સંપાદન ને નામે અંબુભાઈ પુરાણી અને માણેકલાલ દેસાઈના સ્મૃતિગ્રંથોનું સંપાદન કર્યું. રવિન્દ્રનાથ ટાગોરના જીવનથી તે બહુ જ પ્રભાવિત હતા, અને તે અમુક બાબતોમાં તેમને અનુસરતા પણ હતા. જીવનના ઉતરાર્ધમાં તેઓ અરવિંદ ઘોષની ફિલોસોફી તરફ વળ્યા હતા. આપણું ગુજરાતી સાહિત્ય આવા ઉચ્ચ ગજાના કવિ કે લેખક થી હર્યું ભર્યું છે, અને આપણે તેની માટે સદાય ગર્વ કરવો જોઈએ.આવા મહિમાવંત મહાપુરુષોને સત સત નમન. પ્રાચીન કે અર્વાચીન પ્રાર્થના ભજન કે ગીત ના શબ્દો જોઈએ તો આપણેને એમ થાય, કે સમય બદલાય છે એની સાથે સાથે ઘણું બધું બદલાય છે. ઈશ્વરને પ્રસન્ન કરવા માટેના દરેક યુગમાં અલગ અલગ સાધન બતાવાયા છે. જેમ કે પહેલા વેદ ઉપનિષદની શ્રુતિ કે ઋચા અથવા તો મોટા મોટા સ્તોત્ર અને પછી આદિદેવ શંકરાચાર્ય દ્વારા સ્તુતિ સ્તવન રચાયા! પણ એ બધું અંતે તો ભારેખમ સંસ્કૃતમા. પણ આપણે અત્યાર સુધીની બધી જ પ્રાર્થના ઓ જોઈ, એ તે બધી જ બતાવે છે, કે સાવ સીધા સાદા શબ્દો જેટલી અસર કરે છે, તેટલા ભારેખમ શબ્દોની અસર થતી નથી. આ પૂર્ણ વિશ્વ જ એક મંદિર છે, અને તેનું સર્જન કરનાર જ પરમ કૃપાળુ પરમાત્મા કેટલો સુંદર હશે!! દરેક ક્ષણે તેના દર્શન થાય છે. પણ તેને જોવાની દ્રષ્ટિ જોઈએ,જેની પાસે એવી દ્રષ્ટિ હોય તે જ જોઈ શકે. પ્રત્યક્ષ રીતે અહીં કોઈ જ દેવ નથી કે કોઈ જ પૂજારી નથી, કે આ મંદિરને ક્યાંય તાળું પણ નથી,અને આમ જુઓ તો બધા જ દેવ તુલ્ય છે, અને જે આ મહિમા ને સમજે છે તે એ દેવત્વ અને પ્રણામ કરી અને પૂજારી પણ બની શકે છે. નીલા આકાશમાં ચાંદો અને સૂરજ આ દેવના મહિમા ગાતા પ્રત્યક્ષ પ્રમાણ છે. આ સમગ્ર સૃષ્ટિનું વર્ણન કરતાં ધૈર્યવાન કવિઓ થાક્યા, પણ તારી આ રહસ્યમયી સૃષ્ટિનો તે તાગ પામી શક્યા નથી.જે દેવી-દેવતાની મૂર્તિ ઓ અમે મંદિરમાં રાખીએ છીએ, એ સ્વરૂપને આખા જગતમાં શોધવા માટે સૌ ભમે છે, અને સૌને પ્રશ્નાર્થ છે, કે મંદિરમાં તું ક્યાં છુપાયો!! શોધે બાળ અધીરા રે, અમે તો તારા બાળકો છીએ, તો અમારી દ્રષ્ટિમાં કદાચ મંદિરનું અને દેવનું આ રુપ અમને દેખાય નહીં, તો અમે અધીરા થઈ જઈએ છીએ. તો આપણે સૌ પણ ઈશ્વરના સ્વરૂપને વંદન કરી, અને રૂપાળા વૈશ્વિક મંદિરની મનમાં સ્થાપના કરી, તેમને વંદન કરી આ જગતને કવિએ જેવું આલેખ્યું છે, તેવું નિર્મળ અને સ્વચ્છ બનાવીએ, તેવી એક અનન્ય પ્રાર્થના સાથે, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

# વિષય ભોગનો સંકલ્પ સાંસારિક વિષય ભોગ માટે થતો નથી, પણ તે સંકલ્પ મોક્ષદાયી જ થાય છે



### વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા

ભાદરવી પૂનમનો મેળો ચરમ સીમાએ પહોંચ્યો છે.. ડુંગરાવાળી ડોશી મને લાડ લડાવે.. જય અંબે જય ભવાનીના ગગનભેદી નાદ ચારેતરફ ગુંજી રહયો છે સૂર્ય નારાયણનો ભાદરવાનો પ્રકોપ જોવા મળે છે ત્યારે આજે આપણે આપણી લેખમાળાને ભગવદ્ જ્ઞાન તરફ આગળ વધારીએ. જીવ લૌકિક રસને આધીન હોય ત્યાં સુધી તેને અલૌકિક રસ મળતો નથી. જે આ ષડ્સને આધીન થયો તેને ભક્તિરસ, પ્રેમરસ મળતો નથી. આનંદ એ કોઈ વસ્તુમાં નથી.આનંદ મનની એકાગ્રતામાં છે. આનંદ ઈશ્વર સાથે તન્મય થવામાં છે. ભક્તિ કરવી સહેલી નથી. ભગવાનની ભક્તિ જેને કરવી છે તેણે મનને મારવું પડે છે, તેણે જીભના રસ ઉપર કાબૂ મેળવવો પડે છે.જે લૂલીનો ગુલામ છે તે ભગવાનની ભક્તિ કરી શકતો નથી. મહાપ્રભુ એ સુબોધિનીજીમાં કહ્યું છે કે, ઠાકોરજીની સેવામાં અનુરાગ રાખવો પણ શરીરભોગમાં વૈરાગ્ય રાખવો.લૂલી જે માગે તે આપવા થી શાંતિ મળતી નથી. મનુષ્યની જિંદગીનો મોટો સમય આ લૂલીના લાડ કરવામાં જાય છે. લૂલી પર વિજય એટલે ષડ્રસ પર વિજય. ષડ્સ પર વિજય એટલે વરુણ પર વિજય.ગોપીઓના બે ભેદ બતાવ્યા છે. નિત્યસિદ્ધા તથા સાધનસિદ્ધા. સાધન સિદ્ધાના શ્રુત રૂપા,ઋષિરૂપા  સંકીર્ણરૂપા, અન્ય પૂર્વા, અનન્યપૂર્વા એવા અનેક ભેદ છે. શ્રુતિઓ ઈશ્વરનું વર્ણન- કરતાં થાકી ગઈ,પરંતુ પરમાત્માનો અનુભવ થયો નહીં. કારણ ઈશ્વર કેવળ વાણીનો વિષય નથી.જે વેદાભિમાની દેવો બ્રહ્મસાક્ષાત્કાર કરવા માટે ગોકુળ માં પ્રગટ થયા તે શ્રુતિરૂપી ઋષિ ઓ તપસ્વી હોવા છતાં તેમને ઈશ્વરના અનુભવ થતા નથી.દર્શન અને અનુભવમાં ફેર છે દર્શનમાં દૃષ્ટા અને દૃશ્યનો ભેદ છે. અનુભવમાં દૃષ્ટા અને દૃશ્ય એક બને છે. તેમાં પૂર્ણ અદ્વૈત છે, તેથી બ્રહ્મસંબંધ દ્વારા બુઢિગત કામનો નાશ કરી બ્રહ્મમુક્તિનો અનુભવ કરવા ઋષિઓ ગોપી થઈને આવેલા,તેને ઋષિરૂપા કહે છે. પ્રભુના મનોહર સ્વરૂપને નિહાળતાં જેમનામાં કામભાવ જાગૃત થયેલો તે દાખલા તરીકે શૂપર્ણખા.તે બધી ગોપીઓ તરીકે પ્રગટ થઈ તેમને સંકીર્ણરૂપા કહે છે.લગ્ન કરી સંસાર સુખ ભોગવ્યા પછી સંસાર સુખમાં સૂગ આવે અને પ્રભુ પ્રત્યે પ્રેમ ભાવ જાગે તે અન્નપૂર્વા ગોપી ઓ, દાખલા તરીકે તુલસીદાસજી.

એક જ વસ્તુમાં જો આસક્તિ હોય અને તે આસક્તિને જો પ્રભુ માં પલટાવી દેવામાં આવે તો તે વસ્તુની આસક્તિ છૂટી જાય છે. અનેક વસ્તુઓમાં આસક્તિ હોય તો આ શક્ય નથી. તુલસીદાસજી માત્ર સ્વપત્નીમાં આસક્ત હતા. એમને મન પરસ્ત્રી માતા સમાન હતી. તેથી પત્નીએ ટકોર કરી કે, તરત એમની આસક્તિ પ્રભુમાં પરિવર્તિત થઈ ગઈ. કેટલાંકને રોજ થપ્પડ પડે છે તો પણ સુધરતા નથી, કારણ કે અનેકમાં તેમની આસક્તિ હોય



છે. એમના પરિગ્રહોનો પાર નથી. જન્મ સિદ્ધ પૂર્ણ વૈરાગ્યવાળા શુકદેવ,મીરાં વગેરે પૂર્વગોપી છે. અનન્ય એક વખત વ્રજની કુમારિકાઓ યમુનાને કિનારે વસ્ત્ર મૂકી નગ્નદેહે જળમાં સ્નાન કરવા લાગી.તે સમયે શ્રીકૃષ્ણ ત્યાં આવ્યા  તેઓનાં વસ્ત્ર લઈ નજીકનાં કદંબના વૃક્ષ ઉપર ચડી ગયા. પછી શ્રીકૃષ્ણે તેઓને કહ્યું, જળ માં નગ્ન દેહે નાહીને તમે જળ ના દેવોનો અપરાધ કર્યો છે. એટલે બે હાથજોડી નમસ્કાર કરી તમારાં વસ્ત્રો લઈ લો.

વ્રજ કુમારિકાઓએ તેમ કર્યું ત્યારે શ્રીકૃષ્ણે વસ્ત્રો પાછાં આપ્યાં. આ લીલાનું અસ્ય એ છે કે,શરીરનું ભાન ભૂલશો તો પ્રભુ પાસે જઈ શકાશે. આત્મા સ્ત્રી નથી કે પુરુષ નથી, એટલે 'હું સ્ત્રી છું' એવી ભાવના કુમારિકાઓના મનમાં રહી તે 'હું' પણાનું સૂચક છે. એ અહંકારનો પડદો દૂર કરી સર્વસ્વ પ્રભુને અર્પણ કરવાનો આમાં ઉદ્દેશ છે. પોતાની જાતને પણ ભૂલી મારી પાસે આવો. એમ ભગવાન કહે છે.સંસ્કાર શૂન્ય,સંસારશૂન્ય નિવારણ થઈને મારી પાસે આવો. એમ ભગવાન કહે છે. દ્વૈતનો પડદો દૂર કરશો તો ભગવાન મળશે.ભગવાન પાસે છે છતાં દેખાતા નથી. વાસનાનો પડદો દૂર થાય તો તરત દેખાયા. ગુરુ આ વાસનાનો પડદો દૂર કરી આપે છે. આત્મા અને પરમાત્મા વચ્ચે આ વાસનાનો પડદો છે.એટલે ભગવાનનો અનુભવ થતો નથી. તે વાસનાના આવરણને દૂર કરીને પ્રભુને મળવા જવાનું છે. બુદ્ધિગત વાસના સિદ્ધ સદ્ગુરુ કૃપા કરે અથવા પરમાત્મા કૃપા કરે તો જ દૂર થાય છે.

ચીરહરણ એ રાસલીલાની પૂર્વ તૈયારી છે. વૃત્તિઓના આવરણનું નષ્ટ થઈ જવું એ ચીરહરણ લીલા અને તે પછી જીવનું આત્મામાં રમણ-મિલન એ રાસ. એટલે તો ચીરહરણ લીલા પછી રાસલીલા કહે છે. કામવાસના જાય એટલે ઈશ્વર સાથે અદ્વૈત પ્રાપ્ત થાય. ચીરહરણ એ કંઈ લોકિક વસ્ત્રોની ચોરી નથી,પરંતુ બુદ્ધિગત કામ વાસનાની ચોરી છે.શ્રી કૃષ્ણ વ્યાપક હોવાથી જળમાં પણ શ્રીકૃષ્ણ છે. ગોપીઓ જળમાં પણ નહાય છે એટલે શ્રીકૃષ્ણમાં નહાય છે. એટલે એમને શ્રીકૃષ્ણ મળેલા જ છે. પણ વાસનાનું, અજ્ઞાનનું આવરણ હોવાથી શ્રી કૃષ્ણનો તેમને અનુભવ થતો નથી. તેથી બુદ્ધિગત વાસનાનું વસ્ત્ર પ્રભુ કૃપા કરીને દૂર કરે છે, જ્યારે પ્રભુના બનીએ ત્યારે જ આ બને છે.પ્રભુ કહે છે કે,જેણે પોતાની બુદ્ધિને મારામય કરી છે. તેનો વિષય ભોગનો સંકલ્પ સાંસારિક વિષય ભોગ માટે થતો નથી,પણ તે સંકલ્પ મોક્ષદાયી જ થાય છે. ભૂજેલા ધાન્યનું બી જેમ અંકુરિત થતું નથી, તેમ જેમની બુદ્ધિમાંથી વાસના નષ્ટ થઈ છે તેમની બુદ્ધિ માં કામવાસના અંકુરિત થતી નથી.

ગોપીઓને પ્રભુએ કહ્યું છે,હે વ્રજ કુમારિકાઓ!તમારામાં કામવાસના નથી, તમારા હૃદયનો શુદ્ધ ભાવ હું જાણું છું, પણ તમારે હજુ મારું ધ્યાન કરી મનનો સૂક્ષ્મ મળ દૂર કરવાનો છે.તે પછી તમે મનેમળશો  તમે શરદ ઋતુની રાત્રિ એ મારી સાથે રમશો. શરદ ઋતુની રાત્રિ નિર્મળ હોય છે. તમે એવા નિર્મળ થશો, સર્વ પ્રકારે શુદ્ધ થશો તો તમે ઈશ્વર સાથે રમી રમશો, ત્યારે જીવનું ઈશ્વર સાથે મિલન થશે ત્યારે રાસ થશે.તે પહેલાં પૂતના વધ અવિદ્યાનો નાશ થવો જોઈએ. અવિદ્યાનો નાશ થાય, એટલે સંસારનું ગાડું સુધરે છે.એ બતાવવા શકટાસુરનો વધ કર્યો. સંસારનું ગાડું સુધર્યું. એટલે તણાવર્તને મર્યો.તૃણાવર્ત એટલે કે રજોગુણ નો નાશ થયો. રજોગુણ મર્યો એટલે માખણચોરીની લીલા આવી. શ્રીકૃષ્ણે મનની ચોરી કરી એટલે જીવન સાત્ત્વિક બન્યું. જીવન સાત્ત્વિક બને તો સંસારની

આસક્તિ નષ્ટ થાય એટલે તે બતાવવા દહીંની ગોળી ફોડી. એટલે કે સંસારની આસક્તિ થઈ. સંસારની આસક્તિ જાય એટલે પ્રભુ બંધાય. તેથી તે પછી આવી દામોદર લીલા અને પ્રભુ બંધાયા એટલે દંભ મર્યો, એટલે આવી બકાસુર વધની કથા,તે પછી આવી અઘાસુર વધની કથા અને સંસારનો તાપ નાશ થયો. સંસાર દાવાગ્નિ શાંત થયો એટલે ઈન્દ્રિયો ની શુદ્ધિ થઈ અને અંતઃકરણની વાસનાનો ક્ષય થાય. તે બતાવવા નાગદમન લીલા અને પ્રલંબાસુર વધની કથા આવી.આમ જીવ ઈશ્વરને મળવા લાયક થતો ગયો એટલે તેને વેણુગીતની વાંસળી સંભળાઈ. વેણુગીત એટલે નાદ બ્રહ્મની ઉપાસના થઈ. એટલે તે પછી આવી ગોવર્ધન લીલા. ગોવર્ધન લીલા એટલે ઈન્દ્રિયોની પુષ્ટિ એટલે વૃદ્ધિ. ઈન્દ્રિયોની પુષ્ટિ એટલે કે વૃદ્ધિ ભક્તિરસથી થાય છે.ઈન્દ્રિયો પુષ્ટ થઈ એટલે ષડ્રસ નો પરાભવ થયો. વરુણદેવનો પરાભવ થયો,ષડ્સનો પરાભવ થયો,જીવ શુદ્ઘ થયો, કોઈ વાસના નું આવરણ ન રહ્યું એટલે ચીર હરણ લીલા થઈ અને તે પછી રાસ લીલા થઈ,જીવ અને બ્રહ્મની એકતા થઈ. એકત્વ થયું. આનંદ આનંદ થઈ રહ્યો.

વાચક ચાહક મિત્રો, ભાદરવી પૂનમથી પિતૃ તર્પણ અર્પણનું મહા પર્વ શ્રાધ્ધ પક્ષ શરૂ થશે.માં શકિત જગત જનનીને પોતાને ત્યાં નવલાં નોરતાંમાં પધારવા માઈ ભકતો પદયાત્રી રૂપે મા અંબે ધામ તરફ શ્રદ્ધા આસ્થા પૂર્વક પહોંચી રહયા છે. સૌની મનોકામના પૂર્ણ મા અંબે જગત જનની પુરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

## નોર્મલ ડિલિવરી માટે ફોલો કરો આ ટિપ્સ, બાળકને પણ થાય છે ઘણા ફાયદા



આજનાં સમયમાં બહુ ઓછી મહિલાઓની નોર્મલ ડિલિવરી થતી હોય છે. પરંતુ તમને જણાવી દઈએ કે નોર્મલ ડિલિવરીથી માત્ર માતાને જ નહીં, પરંતુ બાળકોને પણ અનેક ઘણાં ફાયદાઓ થાય છે. તો જાણો અહીં નોર્મલ બર્થ માટે શું કરશો. આજે મોટાભાગની મહિલાઓને સી સીક્શન એક સરળ ઉપાય લાગી રહ્યો છે. ઘણી છોકરીઓ ડોક્ટર્સને સામેથી એમ કહેતી હોય છે કે મારે નોર્મલ ડિલિવરી કરાવવી નથી. આમ, વાત કરવામાં આવે તો અત્યારની પરિસ્થિતિની વાત કરવામાં આવે તો મોટાભાગની છોકરીઓની સિઝેરિયન થતા હોય છે, બહુ ઓછા લોકોની નોર્મલ ડિલિવરી થતી હોય છે. પરંતુ હંમેશા ઘરના ઘરડા લોકો નોર્મલ ડિલિવરી થાય એવું કહેતા અને ઈચ્છતા હોય છે. એક અહેવાલ અનુસાર સિઝેરિયનને કારણે માતા અને બાળકને અનેક નુકસાન થાય છે. તો જાણો નોર્મલ ડિલિવરી માટે શું કરશો. સાથે જાણો બાળકને અને માતાને શું ફાયદાઓ થાય છે. બાળકનો જન્મ નોર્મલ ડિલિવરી થાય છે તો માતાને પેટ તેમજ વજાઈનામાં કોઈ કટ કરવામાં આવતો નથી, જ્યારે સિઝેરિયનમાં કટ કરવામાં આવે છે. નોર્મલ ડિલિવરીથી જન્મ થતા બાળકોને સંક્રમણનું જોખમ ઓછુ રહે છે, જ્યારે માતાને ચાલવામાં તેમજ બેસવામાં કોઈ તકલીફ પડતી નથી. નોર્મલ ડિલિવરી પછી માતા ફિટ એન્ડ ફાઈન જલદી થઈ જાય છે, જ્યારે સિઝેરિયનમાં માતાને થોડા સમય સુધી રેસ્ટ કરવો ખૂબ જરૂરી હોય છે. પ્રેગનન્સીના સમયમાં ખાસ કરીને મહિલાઓ સ્ટ્રેસમાં વધારે રહેતી હોય છે. આમ, નોર્મલ ડિલિવરી માટે તણાવ, ચિંતાને સાઈડમાં મુકી દો. એવી સ્થિતિથી દૂર રહો જે તમારામાં મનમાં નકારાત્મક વિચારોથી ભરી છે. ગર્ભાવસ્થા દરમિયાન બને ત્યાં સુધી પોઝિટિવ વિચારો. નેગેટિવ વાતોથી હંમેશા દૂર રહો. આ વાતો તમારા મનને દુખી કરી શકે છે. જે વુમન્સ ડિલિવરીને લઈને નેગેટિવ વાતો કરતી હોય તો એનાથી દૂર રહો. આમ કરવાથી તમારું ટેન્શન વધી શકે છે. નોર્મલ ડિલિવરી માટે તમે યોગા એક્સપર્ટની સલાહ લો. આ સમયે એક્સપર્ટના કહેવા મુજબ તમે યોગા કરો છો તો નોર્મલ ડિલિવરી થવાના ચાન્સિસ વધારે રહે છે. ગર્ભવતી મહિલાઓએ છેલ્લા સમયમાં ડીપ બ્રિથિંગ એક્સેસાઈઝ કરવી જોઈએ. આ એક્સેસાઈઝ કરવાથી ગર્ભમાં રહેલા બાળકોનો સ્ટ્રેસ ઓછો થાય છે. જ્યારે તમે લાંબો ઊંડો શ્વાસ લો છો ત્યારે લેબર પેનને તમે સરળતાથી હેન્ડલ કરી શકો છો.

## રોજ સવારે પીવો આ પાણી, ઓગળવા લાગશે પેટ પર લટકેલી ચરબી



શરીરનું વજન ઘટાડવા માટે અને પેટ પર લટકતી ચરબી ઓગાળવા માટે આ બીજનું પાણી ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે અને સ્વાસ્થ્ય પર પણ તેની અસર તરત જ દેખાવા લાગે છે. વજન ઘટાડવામાં ડાયેટ મહત્વનો ભાગ ભજવે છે. જો ડાયેટ સારુ ન હોય તો શરીરમાં ટોક્સિન્સ એટલે કે ઝેરી તત્વો જમા થવા લાગે છે અને વજન વધે છે. આવી સ્થિતિમાં તમે દરરોજ સવારે આ ખાસ બીજનું પાણી પી શકો છો. આ બીજ ધાણાના બીજ છે. નાના પીળા ધાણાના બીજમાં ઘણા ખનિજો અને એન્ટી-ઓક્સીડેન્ટ જોવા મળે છે. તેમાં એન્ટી-ઈંફ્લેમેટરી ગુણધર્મો પણ હોય છે અને આ બીજનું પાણી ખાસ કરીને પાચન પર સારી અસર કરે છે. જાણો ધાણાના બીજમાંથી પાણી કેવી રીતે બને છે અને વજન ઘટાડવા ઉપરાંત આ બીજનું પાણી પીવાથી શરીરને શું ફાયદા થાય છે. ધાણાનું પાણી બનાવવા માટે તમારે અડધી ચમચી ધાણાના દાણા એક ગ્લાસ પાણીમાં પલાળીને રાખવાના છે. આ પાણીને સવારે હુંફાળુ ગરમ કરીને પી શકાય છે. આ ઉપરાંત, રાતે જ આ પાણીને ઉકાળીને રાખી શકો છો અને બીજા દિવસે સવારે ગરમ કરીને તેને ખાલી પેટ પી લો. ધાણાનું પાણી શરીરને ડિટોક્સિફાય કરે છે. આ ડિટોક્સ વોટરને પીવાથી શરીરમાંથી એક્સેસ ફેટ ઓછુ થાય છે અને વજન ઘટવામાં મદદ મળે છે. જો તમે સવારે આ પાણી ખાલી પેટ પીને નીકળશો તો તમને થોડા જ અઠવાડિયામાં બેલી ફેટ ઓછુ થવામાં અસર દેખાવા લાગશે. ખાસ કરીને જો હળવી એક્સરસાઈઝ કરવામાં આવે તો આ પાણી ઝડપથી અસર દેખાડે છે. ધાણાના પાણીમાંથી શરીરને વિટામિન કે, સી અને એ મળે છે. આ તત્વ વાળની હેલ્થને અંદરથી સુધારવામાં મદદરૂપ હોય છે. જો તમે હેર લોસથી પરેશાન છો તો ધાણાનું પાણી પીવાનું શરૂ કરી શકો છો. જીરાનું પાણી શરીરમાં આયર્ન વધારે છે.

## પગ પર પગ ચઢાવીને બેસવું હેલ્થ માટે ખતરનાક, જાણો કેમ?

દરેક લોકોની બેસવાની અલગ-અલગ સ્ટાઈલ હોય છે. ઘણાં લોકો નીચે બેસતા હોય છે, ક્રોસમાં બેસવાની ટેવ, તકિયો હાથમાં લઈને બેસવું.. આમ દરેક લોકોની આદત આ પ્રકારે અલગ હોય છે. આમ વાત કરવામાં આવે તો ઘણાં બધા લોકોને તમે પગ પર પગ ચઢાવીને બેસતા હોય છે. ખાસ કરીને મહિલાઓને આ ટેવ વધારે હોય છે. આ પોઝિશન બેસવામાં ભલે તમને આરામ આપતી હોય પરંતુ હેલ્થ માટે ખતરનાક સાબિત થાય છે? શું તમે જાણો છો આ વિશે? ઘણાં બધા રિસર્ચમાં એ વાત સામે આવી છે કે પગ પર પર ચઢાવીને બેસવાથી શરીર બગડે છે. તમને પગ પર પગ ચઢાવીને બેસવાની આદત છે તો તમારે બદલી નાખવી જોઈએ. આ આદતથી તમારા હિપ ઉપર તેમજ નીચે થવાના ચાન્સિસ વધારે રહે છે. આમ કહેવાય કે આ પોઝિશનમાં બેસવાથી તમારા હિપ્સનો આકર બદલાઈ શકે છે. હિપનો આકાર સામાન્યથી વધારે બદલાઈ જવાને કારણે બેસવામાં પછી તકલીફ પડી શકે છે. ક્રોસ પગ કરીને બેસવાની આદતથી પગમાં લોહીના થક્કા થવાના ચાન્સિસ વધારે છે.



## બાળકોને ચશ્મા પહેરવાની ઝંઝટ જતી રહેશે, જાણો અને દૂર કરો નંબર



આજકાલ ખરાબ લાઈફસ્ટાઈલ અને ખરાબ ભોજનના કારણે ઓછી ઉંમરમાં જ આંખો નબળી થઈ જાય છે. આટલું જ નહીં નાની ઉંમરમાં પણ લોકોને ચશ્મા આવી જાય છે. આંખોના સ્વાસ્થ્યને સારૂ રાખવા માટે જરૂરી છે કે વિટામિન, એન્ટીઓક્સીડેન્ટ અને પોષણથી ભરપુર ફૂડ્સનું સેવન કરવામાં આવે. નાની ઉંમરમાં અનેક બાળકોને ચશ્માના નંબર વધારે હોય છે. આમળા આરોગ્ય માટે સારા હોય છે. જોકે, ઘણાં લોકો આમળા ખાઈ શકતા નથી. આ સ્થિતિમાં તમે આમળાના અથાણાનું સેવન કરી શકો છો. જેનાથી તમારી આંખોને ફાયદો થશે. પ્રયાસ કરો કે એક દિવસમાં ઓછામાં ઓછો એક થી બે વખત અથાણુ ખાવો. જો તમે ડાયાબીટીસના દર્દી છો તો તમે આમળાના અથાણાનુ સેવન ના કરશો. તેના બદલે તમે કાચા આમળા ખાઈ શકો છો. તાંબાના વાસણમાં પાણી પીવુ આરોગ્ય માટે ખૂબ સારું છે. આ આંખો માટે ખૂબ ફાયદાકારક રહે છે. તમારે દરરોજ ફક્ત સવારે ઉઠતી વખતે ખાલી પેટે તાંબાના વાસણમાં રાખેલુ પાણી એક ગ્લાસમાં પીવુ. ત્યારબાદ એવો આગ્રહ રાખવો કે તમે તાંબાના વાસણમાં રાખેલુ પાણી પીવો. આ તમારી આંખો માટે ખૂબ ફાયદાકારક નીવડશે. ૧૦૦ ગ્રામ ત્રિફલા પાવડર અને ૧૦૦ ગ્રામ ખાંડ મિક્સ કરીને તેને લો. જો તમે તે ખાઈ શકતા નથી તો તેની સાથે ગરમ દૂધ અથવા મધ લો. દરરોજ તેનું સેવન કરવાથી તમને ફાયદો થશે.

આંખોનું તેજ વધારવા માટે જીરું અને ખાંડનું સેવન કરવુ તમારા માટે ફાયદાકારક રહેશે. જેના માટે તમારે યોગ્ય માત્રામાં જીરુ અને ખાંડને વાટી લેવી જોઈએ. આ મિશ્રણનું એક ચમચી દેશી ઘીની સાથે સેવન કરવુ જોઈએ. જેનાથી આંખોનું તેજ વધશે., આંખ શરીરના સૌથી નાજુક અંગોમાંથી એક છે. તેનાથી આપણે આખી દુનિયાને જોઈ શકીએ છીએ. જો આંખ ન હોય તો આપણે કંઈ ન જોઈ શકીએ. માટે તે ખૂબ જ જરૂરી છે કે આપણે પોતાની આંખને સંપૂર્ણ રીતે સુરક્ષિત રાખીએ. વધતી ઉંમરની સાથે આંખોની રોશની ઓછી થઈ જાય છે. ચશ્માના નંબર હોવાથી પેરેન્ટ્સ અનેક ઘણી ચિંતામાં રહેતા હોય છે. પરંતુ તમે કેટલાક સરળ ઉપાયોથી ચશ્માના નંબર દૂર કરી શકો છો. આજનાં આ સમયમાં નાની ઉંમરમાં બાળકોને ચશ્માના નંબર આવી જાય છે. મોટાભાગના બાળકોને ફોન જોવાની લત વધારે હોય છે. ઘણાં બાળકોને ટીવી જોવાની આદત પણ વધારે હોય છે. ટીવી અને ફોન નાના બાળકોને ચશ્મા આવવા પાછળ મુખ્ય જવાબદાર કારણ છે. અનેક બાળકોને ચશ્મા પહેરવામાં બહુ કંટાળો આવતો હોય છે. આમ વાત કરવામાં આવે તો નાની ઉંમરમાં બાળકોને ચશ્માના નંબર દૂર કરવા માટે ઓપરેશન થતુ નથી. આટલું જ નહીં ઘણાં બાળકોની આંખો પણ ત્રાસી થઈ ગઈ હોય છે. આમ, તમે ઘરેલુ ઉપાયોથી સરળતાથી ચશ્માના નંબર દૂર કરી શકો છો. તો જાણો કેવી રીતે. બાળકને જ્યારથી તમે બહારનો ખોરાક આપવાનું શરૂ કરો ત્યારે ખાસ કરીને લીલા શાકભાજી ખવડાવવાની આદત પાડો. લીલા શાકભાજી ખવડાવવાથી આંખોની રોશની સારી થાય છે. આ સાથે આંખોનું તેજ વધે છે. લીલા શાકભાજીમાં ખાસ કરીને પાલક, મેથીનો રસ પીવડાવો છો તો સૌથી બેસ્ટ છે. દરરોજ સવારમાં બાળકોને ડ્રાય ફૂટ્સ ખવડાવવાની આદત પાડો. આ માટે તમે બદામને રાત્રે પલાળીને સવારમાં ખાવા માટે આપી શકો છો. પલાળેલી બદામ તેમજ દ્રાક્ષ પણ તમારા માટે એક સારો ઓપ્શન છે. ડ્રાય ફૂટ્સમાં રહેલા ગુણો આંખોની રોશની તેજ કરવાનું કામ કરે છે, જેના કારણે આપોઆપ ચશ્માના નંબર દૂર થઈ જાય છે. બાળકને ચશ્માના નંબર છે તો બીટનો જ્યૂસ પીવડાવવાનું શરૂ કરી દો. બીટના જ્યૂસમાં અનેક ગુણો રહેલા હોય છે જે આંખોની રોશની તેજ કરીને ચશ્માના નંબર દૂર કરી શકે છે. સૌથી મહત્વની વાત એ છે કે તમે બાળકોને મોબાઈલ ફોન જોવાની આદત છોડાવી દો. મોબાઈલની લાઈટ બાળકોની આંખોની અનેક રીતે નુકસાન કરે છે. આજના દોડધામભર્યા જીવનમાં લોકો પોતાના આહાર પર ધ્યાન કેન્દ્રીત કરતા નથી.

**જો તમારે આંખમાં ચશ્મા છે અને તમે ચશ્મા પહેરવાથી છૂટકારો મેળવવા ઈચ્છો છો તો તમારે કેટલીક ટીપ્સને અનુસરવી પડશે**

BOLLYWOOD NEWS FLASH

## દિવ્યા ભારતીના મોત બાદ ઘટી હતી અજીબોગરીબ ઘટના

। મુંબઈ, તા.૨૭ ।

દિવ્યા ભારતી એ ૯૦ના દાયકામાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીની એક મોટી અને ચર્ચિત અભિનેત્રી હતી. દિવ્યાએ ખુબ જ ટૂંકા સમયમાં એ મોભો અને ખ્યાતિ મેળવી હતી જ્યાં પહોંચવાનું અનેક કલાકારોનું સપનું હોય છે. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો દિવ્યાએ પોતાના ૩ વર્ષના ફિલ્મી કરિયરમાં ૨૧ ફિલ્મોમાં કામ કર્યુ હતું. આ ફિલ્મોમાં દીવાના, વિશ્વાત્મા, શોલા અને શબનમ, દિલ કા ક્યાં કસૂર, વગેરે સામેલ છે. દિવ્યા વિશે એવું માનવામાં આવી રહ્યું હતું કે તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મોટી ઈનિંગ ખેલશે. પરંતુ એ થાય તે પહેલા જ માત્ર ૨૦ વર્ષની ઉંમરે તેનું નિધન થઈ ગયું. દિવ્યા ભારત ૫ એપ્રિલ ૧૯૯૩ના રોજ તેના ફલેટની બાલ્કનીમાંથી નીચે પડી હતી. નીચે પડતાની સાથે જ દિવ્યાનું મોત થઈ ગયું હતું. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો દિવ્યાનું મોત એક હત્યા હતી. કે પછી અકસ્માત તે સ્પષ્ટ થઈ શક્યું નહતું. દિવ્યાના મોતની અસર તેની અનેક ફિલ્મો પર પડી હતી. અસલમાં દિવ્યા ભારતી તે વખતે અનેક ફિલ્મોમાં કામ કરી રહી હતી. જેમાંથી એક હતી લાડલા ફિલ્મ. દિવ્યાના મોત બાદઆ ફિલ્મમાં શ્રીદેવીને કાસ્ટ કરાઈ.





## "જીગરા"માં એક્શન અવતારમાં આલિયા ભટ્ટ મચાવશે ધમાલ

। મુંબઈ, તા.૨૭ ।

બોલીવુડ અભિનેત્રી આલિયા ભટ્ટ પોતાના આગામી પ્રોજેક્ટ્સને લઈને ચર્ચામાં છે. ફિલ્મ રોકી ઔર રાની કી પ્રેમ કહાનીમાં ધૂમ મચાવ્યા બાદ આલિયા ભટ્ટ હવે તેની આવનાર ફિલ્મ જીગરામાં જોવા મળશે. આ ફિલ્મમાં અભિનેત્રી આલિયા ભટ્ટ પહેલીવાર એક્શન અવતારમાં જોવા મળશે. આ ફિલ્મનું મોશન પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં આલિયા ભટ્ટ પોતાના ખભા પર બેગ લઈને ઊભેલી જોવા મળી રહી છે. આ ફિલ્મને કરણ જોહર, આલિયા ભટ્ટ અને અપૂર્વ મહેતા પ્રોડ્યુસ કરી રહ્યા છે. ફિલ્મ જીગરાના મોશન પોસ્ટરની સાથે આલિયા ભટ્ટની ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. આલિયા ભટ્ટ અભિનીત આ ફિલ્મ આવતા વર્ષે ૨૭ સપ્ટેમ્બરે રિલીઝ થશે. જીગરાના આ મોશન પોસ્ટરમાં આલિયા ભટ્ટ શર્ટ અને પેન્ટ પહેરીને રસ્તાની વચ્ચે ઉભી જોવા મળે છે. આ વિડીયો શેર કરતા અભિનેત્રી આલિયા ભટ્ટે કેપ્શનમાં લખ્યું છે કે, "ધર્મા પ્રોડક્શનમાં ડેબ્યુ કરવાથી લઈને તેમની સાથે ફિલ્મ પ્રોડ્યુસ કરવામાં એવું લાગે છે કે જ્યાંથી શરૂઆત કરી હતી ત્યાંથી પાછી આવી છું." સાથે જ તેણે લખ્યું છે કે આ ફિલ્મ વિશે વધુ વિગતો શેર કરવા માટે હું ખૂબ જ ઉત્સાહિત છું. આલિયા ભટ્ટે આજે તારીખ ૨૬મી સપ્ટેમ્બરે પોતાની નવી ફિલ્મ 'જીગ્રા'ની જાહેરાત કરી છે. આલિયા ભટ્ટ આ ફિલ્મની નિર્માતા તરીકે કામ કરી રહી છે. આ સાથે જ ફિલ્મનું ટીઝર શેર કર્યું છે

## પ્રિયામણીએ 'જવાન' બાદ બીજી હિન્દી ફિલ્મ સાઈન કરી

। મુંબઈ, તા.૨૭ ।

યામી ગૌતમ અને તેના પતિ આદિત્ય ધારે થ્રિલર ફિલ્મ બનાવવા તૈયારીઓ શરૂ કરી છે. યામી અને આદિત્ય અગાઉ ઉરી:ધ સર્જિકલ સ્ટ્રાઈકમાં સાથે કામ કરી ચૂક્યા છે. બોલિવૂડ કપલે ત્યાર બાદ રોમેન્ટિક કોમેડી 'ધૂમ ધામ'નું પ્રોડક્શન શરૂ કર્યું હતું. આ બીજી ફિલ્મ રિલીઝ થાય તે પહેલાં તેમણે પોલિટિકલ થ્રિલરની તૈયારી શરૂ કરી છે. તેમાં શાહરૂખ સાથે 'જવાન'માં જોવા મળેલી પ્રિયામણી મહત્ત્વના રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં યામી અને પ્રિયામણી બંનેના રોલને સરખું મહત્ત્વ આપવામાં આવશે. યામી ગૌતમ તાજેતરમાં અક્ષય કુમાર-પંકજ ત્રિપાઠી સાથે ઓહ માય ગોડ ૨માં જોવા મળી હતી. રિપોર્ટ્સ મુજબ, આદિત્ય ધારના પ્રોડક્શન બેનર હેઠળ યામી નારી પ્રધાન ફિલ્મ કરવાની છે. આ ફિલ્મમાં પોતાના જીવનમાં પડકારોનો સામનો કરનારી મહિલાનીસ્ટોરી છે. ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ગયુ હોવાનું કહેવાય છે. ફિલ્મનું નામ હજુ જાહેર થયું નથી, પરંતુ તેનું આગામી શીડ્યુલ કાશ્મીરમાં થવાનું છે. ફિલ્મમાં યામી અને પ્રિયામણીના રોલ અંગે ખાસ વિગતો બહાર આવી નથી. પરંતુ બે સક્ષમ મહિલાની પડકારજનક ભૂમિકામાં તેઓ જોવા મળશે. રિયામણીએ પાન ઈન્ડિયા એક્ટ્રેસ તરીકે અગાઉ ૨૦૦૯માં ફિલ્મ કરી હતી.



## વિકી કૌશલની 'ધ ગ્રેટ ઈન્ડિયન ફેમિલી' ફ્લોપ

। મુંબઈ, તા.૨૭ ।

૨૦૨૩ના વર્ષમાં બોલિવૂડને સંખ્યાબંધ હિટ ફિલ્મો મળી છે. પઠાણથી શરૂ કરીને જવાન સુધીની સફરમાં અનેક ફિલ્મોને બોક્સઓફિસ પર સારો રિસ્પોન્સ મળ્યો છે. જેમાં ગદર ૨, સત્ય પ્રેમ કી કથા, ઓહ માય ગોડ ૨ અને રોકી ઔર રાની કી પ્રેમ કહાની જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. એકંદરે આ વર્ષમાં છ જેટલી ફિલ્મો સારી ચાલી છે. જો કે કેટલીક ફિલ્મો ઓડિયન્સને ખેંચવામાં નિષ્ફળ રહી છે. આ યાદીમાં વિકી કૌશલની ફિલ્મ 'ધ ગ્રેટ ઈન્ડિયન ફેમિલી'નો સમાવેશ થાય છે. આ ફિલ્મે રિલીઝના ત્રણ દિવસમાં માંડ રૂ.૫.૧૨ કરોડનું કલેક્શન મેળવ્યું છે. રિપોર્ટ્સ મુજબ, વિકી કૌશલની ફિલ્મ 'ધ ગ્રેટ ઈન્ડિયન ફેમિલી' માટે પહેલું વીકેન્ડ સારું રહ્યું નથી. રિલીઝના પહેલા દિવસે એટલે કે ૨૨ સપ્ટેમ્બરે આ ફિલ્મે રૂ.૧.૪ કરોડનું કલેક્શન મેળવ્યુ હતું.



## સ્પોર્ટ્સ બાયોપિક ફિલ્મ મેદાન ટૂંકમાં જ રિલિઝ થશે




। મુંબઈ, તા.૨૭ ।

અજય દેવગનની સ્પોર્ટ્સ બાયોપિક ફિલ્મ મેદાન કોરોના સમયગાળા દરમિયાન નવેમ્બર ૨૦૨૦માં રિલીઝ થવાની હતી, પરંતુ કોવિડને કારણે ફિલ્મ પોસ્ટપોન રાખવામાં આવી હતી. મેદાનનું ટીઝર માર્ચ ૨૦૨૩માં રિલીઝ થયું હતું, પરંતુ ફિલ્મની રિલીઝને પોસ્ટપોન રાખવામાં આવી રહી છે. અગાઉ સમાચાર હતા કે મેદાન જૂનમાં રિલીઝ થશે, પરંતુ હવે ફિલ્મના મેકર બોની કપૂરે કહ્યું છે કે ફિલ્મમાં હજુ કામ કરવાનું બાકી છે. ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ ગયું છે, પરંતુ ફ્લ્ઠ પર કામ ચાલી રહ્યું છે. મેદાનમાં ભારતીય ફૂટબોલના ગોલ્ડન એરાની ૧૯૫૨ થી ૧૯૬૨ સુધીના સ્ટોરી બતાવવામાં આવશે. ફિલ્મમાં અજય દેવગન લીડ રોલ પ્લે કરી રહ્યો છે. એક ઈન્ટરવ્યુમાં મેદાનના નિર્માતા બોની કપૂરે કહ્યું, "ચેન્નાઈમાં મેં લગભગ ૩૦૦ લોકો સાથે ફિલ્મના કેટલાક ભાગો જોયા. લોકોને ફિલ્મની ઝલક ખૂબ જ પસંદ આવી રહી છે. મેદાનનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે, પરંતુ ફિલ્મના ફ્લ્ઠ પર કામ ચાલી રહ્યું છે, જેના કારણે થોડો સમય લાગી રહ્યો છે, પરંતુ ફિલ્મનું બજેટ વધારવામાં આવ્યું નથી.



# વડોદરા એરપોર્ટ ખાતેથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ભાવસભર વિદાય





ગુજરાતના બે દિવસના પ્રવાસે મળવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વડોદરા એરપોર્ટ ખાતેથી દિલ્હી જવા રવાના થયા હતા. વડોદરા એરપોર્ટ પર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી સી. આર. પાટીલ, વડોદરાના મેયર શ્રીમતી પિંકીબેન સોની, મુખ્ય સચિવશ્રી રાજકુમાર, રાજ્યના પોલીસ વડાશ્રી વિકાસ સહાય, કલેક્ટર શ્રી અતુલ ગોર અને શહેર પોલીસ કમિશનરશ્રી અનુપસિંહ ગેહલોતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભાવસભર વિદાય આપી હતી.

### “સરકારી નોકરી હજારો પરિવારને આર્થિક સલામતી આપશે”

## મોરબીની યુવતીને ધો.૧૦ આધારે કચ્છના પાંધ્રોમાં પોસ્ટમાં સરકારી નોકરી મળી

### રાજકોટ એસ.બી.આઈ.માં જોબ મેળવનાર ૨૨ વર્ષીય યુવતીએ સલામત નોકરી મેળવ્યાનો વ્યકત કર્યો રાજીપો

। રાજકોટ, તા.૨૭ ।

મોરબીની ૨૫ વર્ષીય પાયલ ખમરોટિયાને પોસ્ટમાં કેન્દ્ર સરકારની નોકરીનો આદેશ મળતા આનંદ વ્યક્ત કરતા કહે છે કે, “લગ્ન બાદ મેં મારા પરિવારના સહકારથી પોસ્ટમાં ભરતી આવતા પરિક્ષા આપી. જેમાં મારી પસંદગી થતા મને કચ્છના પાંધ્રોમાં “એબીપી પોસ્ટ”ના પદ ઉપર સરકારી નોકરી મળી છે. જેનાથી મારા જેવા અનેક પરિવારોને પણ આર્થિક સલામતી મળી છે. આ ભરતી માત્ર ધો.૧૦ના આધારે મળી છે. મારા જેવા હજારો યુવાનોને મેરિટના આધારે પારદર્શક રીતે ઓનલાઈન ભરતી કરાઈ રહી છે. જે માટે અમે વડાપ્રધાનશ્રીના આભારી છીએ કે અમને રોજગારી આપીને સુવર્ણ કારકિર્દી બનાવી શકીશું.”




૨૨ વર્ષીય જુલી ચૌધરીને એસ.બી.આઈ.માં જુનિયર એસોસિયેટ તરીકેનો નિમણુંક પત્ર મળ્યો હતો. તેણીએ અમદાવાદમાં સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રાજકોટમાં કેન્દ્રીય મંત્રીશ્રીના વરદ હસ્તે નિમણુંક પત્ર મેળવતા આનંદની લાગણી વ્યક્ત કરતા કહ્યું હતું કે, સરકારી નોકરી મારફતે સરકારશ્રીમાં સેવાના મહત્વના ભાગ એવા બેંકિંગ સેકટર ખાતે નોકરી મળતા પોતાની આવડતને લોક સેવામાં ઉજાગર કરવાનો મોકો મળ્યો છે.”

## દીકરી દિવસ નિમિત્તે આણંદ ખાતે આણંદ પોલીસની “સી” ટીમ દ્વારા દીકરીઓને સલામતી અને સુરક્ષા અંગે માર્ગદર્શન અપાયું



। આણંદ, તા.૨૭ ।

સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તૈયાર કરાયેલી મહિલા પોલીસની “સી” ટીમ દ્વારા મહિલાઓને અને તેમાંય ખાસ કરીને શાળા કોલેજમાં ભણતી દીકરીઓને જાતીય સલામતી અને સુરક્ષા અંગેનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે જેથી તેઓ પોતાની સલામતી અને સ્વસુરક્ષા અંગે વધુ સજાગ અને જાગરૂક બની રહ્યા છે. જે અંતર્ગત આણંદ જિલ્લામાં પણ દીકરી દિવસની ઉજવણીના ભાગરૂપે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનની “સી” ટીમ દ્વારા મહિલા સલામતી અને સુરક્ષા અંગે દીકરીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ મહિલા પોલીસની “સી” ટીમ હેઠળ સમગ્ર આણંદ જિલ્લામાં અંદાજિત ૩૫ જેટલી મહિલાકર્મીઓ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને પોલીસ સબ ઈન્સ્પેક્ટરની કામગીરી સંભાળી રહ્યા છે. ત્યારે આણંદ ટાઉન પોલીસમાં ફરજ બજાવતાં “સી” ટીમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.બી.પરમાર, સીટી ઈન્ચાર્જ એ.એસ.આઈ જશીબેન ચૌધરી અને તેમની સાથે મહિલા પોલીસ કોન્સ્ટેબલ ભારતીબેન, હેતલબેન અને હિરલબેન દ્વારા આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલયની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી દીકરીઓની મુલાકાત લઈ તમામ દીકરીઓને ગુડ ટચ અને બેડ ટચ વિશે જાણકારી આપવામાં આવી હતી.

## દેશભરમાં કોયર વર્કની કૃતિઓ થકી સસ્ટેનેબલ ઇકો ફ્રેન્ડલી કલાનો પ્રચાર કરતા શાંતિભાઈ ગોયાણી

### રાજ્ય સરકારના આર્ટીજન કાર્ડનો લાભ લઇ પર્યાવરણની સંભાળ સાથે નવીન વ્યવસાયમાં અનેરી ઉંચાઈ હાંસલ કરી

। રાજકોટ, તા.૨૭ ।

રાજ્ય સરકાર દ્વારા વિવિધ વ્યવસાયમાં જોડાયેલા કલાકારોની કલાને વિવિધ મેળાઓ થકી વધુમાં વધુ પ્રોત્સાહન મળે તેમજ અન્ય વિવિધ યોજનાઓનો પણ આ કલાકારોને લાભ મળે તે માટે ઉદ્યોગ વિભાગના ઈન્ડેક્સ્ટ-સી અંતર્ગત આર્ટીઝન કાર્ડનો લાભ આપવામાં આવે છે. સમગ્ર વિશ્વ જયારે સસ્ટેનેબલ અને પર્યાવરણને નુકસાનરહિત વસ્તુઓના વપરાશ પર ભાર મુકી રહ્યું છે. ત્યારે કલાકાર શાંતિભાઈ જેરામભાઈ ગોયાણી આર્ટીઝન કાર્ડના લાભ સાથે જ સસ્ટેનેબલ ઈકો ફ્રેન્ડલી કલા કોયર વર્કની કૃતિઓ બનાવી પર્યાવરણની સંભાળ સાથે આ નવીન કલાના વ્યવસાયમાં અનેરી ઊંચાઈ હાંસલ કરી રહ્યા છે. મૂળ ભાવનગરના પરંતુ હાલ હસ્તકલા પ્રદર્શનમાં રાજકોટ ખાતે પોતાની કલાને પ્રદર્શિત કરતા શાંતિભાઈ ગોયાણી અને તેમના પત્ની છેલ્લા ૧૫ વર્ષથી નાળિયેરના છાલામાંથી રેશા (કોયર) કાઢી તેમાંથી વિવિધ કૃતિઓ બનાવે છે. તદ્દન ઈકો ફ્રેન્ડલી કોટનના દોરા અને કેમિકલ ફ્રી કલરથી સજાવટ કરી તેઓ વિવિધ આકારના પક્ષીઓ માટેના માળા, શો પીસ, ગણપતિની મૂર્તિ, લોટી કળશ, મની પ્લાન્ટની સ્ટીક, કોકોપીટ, ટ્રી, કાચબો, સ્ક્રબર વગેરે જેવી વિવિધ વસ્તુઓ બનાવે છે. શાંતિભાઈ દેશના કોયર બોર્ડના શોરૂમમાં



સેલર તરીકે પણ જોડાયેલા છે. આ કલાને તેમણે વિવિધ મેળા અને પ્રદર્શનોમાં દર્શાવી લોકોને ખૂબ આકર્ષ્યા છે.

આ અંગે શાંતિભાઈ કહે છે કે, ૯-૨૦ સમિટ ગાંધીનગર ખાતે વિદેશી પ્રવાસીઓએ પણ કોયર આર્ટને વખાણી કૃતિઓને ખરીદી ખૂબ સારો પ્રતિસાદ આપ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા અમને ઈન્ડેક્ટ-સી અંતર્ગત આર્ટીઝન કાર્ડનો લાભ આપી અનેક મેળાઓમાં બોલાવવામાં આવે છે અને અમારી કૃતિઓને પ્રદર્શિત કરી અમને અનેક લોકો સુધી પહોંચવાની તક આપવામાં આવે છે. આ બદલ અમે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરીએ છીએ.

આમ, રાજય સરકાર દ્વારા દરેકને પોતાની પ્રતિભા દર્શાવી દરેક કલાને લોકો સુધી પહોંચાડવા અને કલાકારને કલા સાથે રોજગારી પણ મળી રહે તે માટે આર્ટીઝન કાર્ડ દ્વારા અનેક લાભો આપવામાં આવે છે.

### ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે

## મહિલાના ગર્ભમાં ત્રણ બાળકોમાંથી બે મૃત થયેલ હોવા છતાય ત્રીજા બાળકના નવ માસનો ગર્ભ પુરો થયા બાદ સફળ સર્જરી કરાઈ

### ડો. યશ અગ્રવાલ દ્વારા સંપૂર્ણ દેખરેખ હેઠળ મહિલાના ગર્ભમાં રહેલ બાળકને સ્વસ્થ જન્મ થતાં મહિલાના પરિવાર દ્વારા ડો નો આભાર માનવામાં આવેલ હતો

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ નગરમાં આજ રોજ ૨૫-૦૯-૨૦૨૩ ના રોજ ફતેપુરાના રહેવાસી પ્રિયંકાબેન ગોપાલભાઈ અગ્રવાલને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે સુવાવડ કરાવવા લાવવામાં લાવેલ હતા. આ મહિલાની સારવાર સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં નોકરી બજાવતા ડૉ યસ અગ્રવાલના માર્ગ દર્શન હેઠળ ચાલતી હતી.

પ્રિયંકાબેનને પ્રેગનેન્સી દરમ્યાન ત્રણ બાળકો ગર્ભમાં રહ્યાં હતાં. આ ત્રણ બાળકો પૈકી બે બાળકોનું મૃત્યુ ગર્ભમાં ત્રીજા- ચોથા મહિનામાં થઈ ગયેલ હતું અને ત્રીજું બાળક સ્વસ્થ હતું. ડૉ યસ અગ્રવાલ દ્વારા મહિલાના ગર્ભમાં મૃત્યુ પામેલ બે બાળકોને દવા દ્વારા નિકાલ કરાયો હતો. ડૉ યસ અગ્રવાલ દ્વારા સફળ રીતે ત્રીજા બાળકનું ગર્ભમાં ઉછેર થાય તે રીતે મહિલાને માર્ગદર્શન આપેલ હતું. પ્રિયંકાબેનની આ અગાઉ બે વખત ઓપરેશન દ્વારા બાળકની



ડિલિવરી કરાવવામાં આવેલ હતી. પ્રિયંકાબેનના ગર્ભમાં રહેલ બાળકની ખુબ તકેદારી પૂર્વક ડૉ યસ અગ્રવાલ દ્વારા સારવાર કરવામાં આવી રહેલ હતી. પ્રિયંકાબેનના ગર્ભમાં રહેલ બાળકને નવ માસ પુરા થતાં ત્રીજા બાળકની ડિલીવરી ઓપરેશન દ્વારા સફળ રીતે કરવામાં આવી હતી.બાળક અને તેની માતા બંનેનું સ્વાસ્થ્ય સારી રીતે જળવાતા આ જોખમ રૂપી ઓપરેશન કરનાર ડૉ યસ અગ્રવાલનું અને તેના તમામ સ્ટાફનું મહિલાના પરિવાર જનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

## જિલ્લા કલેક્ટર તુષાર સુમેરાના અધ્યક્ષપદે વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ અન્વયે બેઠક યોજાઈ

। સુરત, તા.૨૭ ।

જિલ્લા કલેકટર શ્રી તુષાર સુમેરાના અધ્યક્ષ પદે વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ અન્વયે જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અધ્યક્ષપદેથી જિલ્લા કલેકટરશ્રી એ જણાવ્યું હતું કે, રાજ્યમાં વાઈબ્રન્ટ ગુજરાતની જે રીતે ઉજવણી થાય તેમ જિલ્લા કક્ષાએ પણ ઔધોગીક એકમોના સંકલન સાધીને વાઈબ્રન્ટ ડિસ્ટ્રીક્ટની થીમ ઉપર બિઝનેશ એકસ્પોનું પ્રદર્શન અંકલેશ્વર ખાતે આગામી ૧૨



ઓક્ટોબર ૨૦૨૩ નારોજ યોજાવાજઈ રહ્યું છે.વાઈબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ એક્ઝીબીશનની વિસ્તૃત માહિતી આપતાં તેમણે ઉમેર્યું હતું કે, ૨૫થી વધું સ્ટોલસ કે જેમાં વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ હેઠળ જેમ બજાર, હસ્તકળાના સ્ટોલ, સખી મંડળ દ્વારા ઉત્પાદન કરાતી પ્રોડક્ટ, સ્ટાર્ટ અપ અને એક્સપોર્ટ સેમીનાર,લોન મેળો, ખાનગી તથા સરકારી બેંક થકી ફાઈનાન્સીયલ ઈક્સુઝન થાય તે રીતની આ નવીન પહેલ ગણાવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી પી આર જોષી, નિવાસી અધિક કલેકટર શ્રી એન આર ધાધલ તથા જિલ્લા સંકલન સમિતિના અધિકારીશ્રીઓ તથા ઔધોગીક સંગઠનોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સાંજે થોડીક હળવાશ માણો. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. તમારા લગ્નજીવનમાં આજે પરિસ્થિતિ તમારા અંકુશની બહાર જવાની શક્યતા છે. મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સ્વાસ્થયની સંભાળ લો અને પરિસ્થિતિને થાળે પાડો. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમે જરૂરી કરતાં મોબાઈલ અથવા ટીવી પર વધુ સમય વિતાવી શકો છો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. લગ્નજીવનમાં વ્યક્તિના એકાંતનું આગવું મહત્વ હોય છે, પણ આજે તમે એકમેકની નિકટ રહેવાની કોશિશ કરશો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે- તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. આજે રાત્રે તમારા જીવનસાથી સાથે મુક્ત સમય ગાળતાં વખતે, તમને લાગે છે કે તમારે તેમને વધુ સમય આપવો જોઈએ.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. ઑફિસમાં આજે તમારા અભિગમ તથા કામની ગુણવત્તામાં સુધારાનો અનુભવ તમે કરશો. તમારી રમૂજવૃત્તિ તમારી મહામૂલી મૂડી સાબિત થશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે કોઈ હાઈ-પ્રૉફાઈલ વ્યક્તિને મળીને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા. જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે- એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. તમને અને તમારા જીવનસાથીને પ્રેમ કરવાનો ખાસ્સો સમય મળી રહ્યો હોવાનું જણાય છે. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.




રાજસ્થાનના ઝુંઝુનુમાં પીલાનીના એક કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ સાથે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ.

### મણિપુરમાં તણાવ બાદ સ્કૂલ પણ બંધ

# મણિપુરમાં તણાવ બાદ પાંચ દિવસ માટે ઈન્ટરનેટ સસ્પેન્ડ

| ઈમ્ફાલ, તા.૨૭ |

મણિપુરમાં તણાવ બાદ મંગળવારથી પાંચ દિવસ માટે ઈન્ટરનેટ સેવા સ્થગિત કરી દેવામાં આવી છે. આ ઈન્ટરનેટ સેવા રવિવાર સાંજે ૭.૪૫ કલાક સુધી બંધ રહેશે. પાંચ મહિના બાદ રાજ્યમાં ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં આવી હતી. આ સિવાય રાજ્યની તમામ સ્કૂલો ત્રણ દિવસ માટે બંધ રહેશે. રાજ્ય સરકારે જાહેરાત કરી કે બુધવાર (૨૭ સપ્ટેમ્બર) થી ૨૯ સપ્ટેમ્બર (શુક્રવાર) શાળાઓમાં રજા રહેશે. તો ૨૮ સપ્ટેમ્બરે રાજ્યમાં ઈદ-એ-મિલાદની જાહેર રજા છે.

મણિપુરથી જુલાઈમાં લાપતા થયેલા બે છાત્રોના મૃતદેહોની તસવીરો સોશિયલ મીડિયા પર સોમવારે વાયરલ થઈ હતી. ત્યારબાદ ઈમ્ફાલ સ્થિત સ્કૂલો અને કોલેજના વિદ્યાર્થીઓએ વિરોધ રેલી કાઢી હતી. તેના પર કાબુ મેળવવા પોલીસે લાઠીચાર્જ કર્યો તો ૩૦થી વધુ વિદ્યાર્થીઓને ઈજા પહોંચી હતી. ત્યારબાદ રાજ્યમાં ફરી તણાવ વધી ગયો છે. મણિપુરમાં બે સમુદાયો વચ્ચે ત્રણ મેથી હિંસા શરૂ થઈ હતી. ત્યારબાદ ઘણા પ્રકારના પ્રતિબંધો લગાવવામાં આવ્યા હતા. રાજ્યમાં હિંસાને કારણે ૧૭૫ જેટલા લોકોના મોત થયા છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે.

### યુપીના કેટલાક જિલ્લામાં ૩૦મી સુધી વરસાદની શક્યતા

# ૨૮ સપ્ટેમ્બર સુધી દેશના અનેક ભાગોમાં વરસાદ પડવાની આગાહી

## પૂર્વ યુપીના જિલ્લાઓમાં આંધી તોફાન સાથે આકાશમાંથી વિજળી પડવાની શક્યતાના પગલે એલર્ટ જાહેર કરાયું

| નવી દિલ્હી, તા.૨૭ |

ભારતીય હવામાન વિભાગ (IMD) એ લેટેસ્ટ બુલેટિનમાં ૨૮ સપ્ટેમ્બર સુધી દેશના અનેક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. હવામાન એજન્સીએ એમ પણ કહ્યું કે દક્ષિણ પશ્ચિમ મોનસૂનની વાપસીની સ્થિતિઓ પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગો માટે અનુકૂળ થતી જોવા મળી રહી છે. આ ઉપરાંત એ પણ ભવિષ્યવાણી કરાઈ છે કે ૩૦ સપ્ટેમ્બરની આજુબાજુ ઉત્તર આંદમાન સાગર અને તેની નજીક પૂર્વ મધ્ય બંગાળની ખાડી ઉપર એક ઓછા દબાણનું ક્ષેત્ર બનવાની સંભાવના છે અને ધીરે ધીરે તે તીવ્ર થવાની સંભાવના સાથે પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ તરફ વધવાની સંભાવના છે.

પૂર્વ ઉત્તર પ્રદેશ, પૂર્વ રાજસ્થાન, ઉત્તરાખંડ, તમિલનાડુ, લક્ષદ્વીપ, અને રાયલસીમામાં હળવો વરસાદ પડી શકે છે. પૂર્વોત્તર ભારત, સિક્કિમ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, તેલંગણા, દક્ષિણ પશ્ચિમ મધ્ય પ્રદેશ, દક્ષિણ ગુજરાત અને દક્ષિણ પૂર્વ રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદની વકી છે. જયારે મહારાષ્ટ્ર, ઓડિશાના કેટલાક ભાગોમાં, છત્તીસગઢ અને આંદમાન તથા નિકોબર દ્વિપ સમૂહમાં હળવાથી મધ્યમ વરસાદની સાથે કેટલાક સ્થળો પર ભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે યુપીના કેટલાક જિલ્લાઓમાં ૩૦ સપ્ટેમ્બર સુધી વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. વાત જાણે એમ છે કે પાકિસ્તાનથી આવી રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે યુપીના હવામાનમાં આ ફેરફાર જોવા મળી રહ્યો છે.

### નકસલીઓએ રેલવે કંસ્ટ્રકશન સાઇટ ૩ વાહનો, જનરેટર અન્ય સાધનો સળગાવી દીધા

| રાંચી, તા.૨૭ |

ઝારખંડના રાંચી જિલ્લા સ્થિત મેકલુસ્કીગંજમાં એક કંસ્ટ્રકશન સાઈટ ઉપર નકસલીઓએ ગઈકાલે (સોમવારે) રાત્રે હુમલો કર્યો હતો અને નિર્માણ કાર્યમાં વ્યસ્ત તેવા ૩ વાહનો અને એક જનરેટર સેટને સળગાવી દીધા હતા.રાત્રે અચાનક જ જંગલમાંથી બહાર આવી એકાદ ડઝન જેટલા નકસલીઓએ અહીંથી ૭૦ કિ.મી. જેટલા દૂર રહેલા આ ગામમાં પહેલા હવામાં ગોળીબારો કર્યા હતા તેથી ચટ્ટો નદી ઉપર બ્રીજ નિર્માણમાં વ્યસ્ત તેવા કામદારો ગભરાઈને અહીં તહીં દોડી ગયા હતા.આ પછી નકસલીઓએ એક ડમ્પર, એક પોકલેન મશીન એક એસ.યુ.વી. તથા એક જનરેટર સળગાવી દીધા હતા.

### AFSPAની અવધિ ૬ મહિના માટે લંબાવવામાં આવી

# અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડના કેટલાક ભાગોમાં AFSPAનો સમયગાળો લંબાવાયો

## AFSPA કાયદો-વ્યવસ્થા જાળવવા અશાંત વિસ્તારોમાં તૈનાત સશસ્ત્ર દળોને શોધ, ધરપકડ, ગોળીબારની સત્તા પ્રદાન કરે છે

| નવી દિલ્હી, તા.૨૭ |

અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડના કેટલાક ભાગોમાં, AFSPAનો સમયગાળો ૧ ઓક્ટોબરથી આગામી છ મહિના માટે લંબાવવામાં આવ્યો હતો. AFSPA કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અશાંત વિસ્તારોમાં તૈનાત સશસ્ત્ર દળોને શોધ, ધરપકડ અને ગોળીબાર કરવાની સત્તા પ્રદાન કરે છે.અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડના કેટલાક જિલ્લાઓ અને પોલીસ સ્ટેશન વિસ્તારોમાં AFSPA ઘણા વર્ષોથી અમલમાં છે અને તેની અવધિ સમયાંતરે લંબાવવામાં આવી



છે. એક સૂચનામાં, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર, સશસ્ત્ર દળો (વિશેષ સત્તાઓ) અધિનિયમ, ૧૯૫૮ (૧૯૫૮ ના ૨૮) ની કલમ ૩ દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને ૨૪ માર્ચ, તિરાપ, ચાંગલાંગ અને લોંગડિંગ જિલ્લાઓ અને નમસાઈ જિલ્લાના નમસાઈ, મહાદેવપુર અને ચૌખામ પોલીસ સ્ટેશન વિસ્તારોને 'અશાંત ક્ષેત્ર' તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર અરુણાચલ પ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની ફરી સમીક્ષા કરવામાં આવી છે. હવે અરુણાચલ પ્રદેશના તિરાપ, ચાંગલાંગ અને લોંગડિંગ જિલ્લાઓ અને નમસાઈ જિલ્લાના નમસાઈ, મહાદેવપુર અને ચૌખમ પોલીસ સ્ટેશન વિસ્તારોને આગામી છ મહિના માટે ૧ ઓક્ટોબરથી અથવા આદેશ પાછો ખેંચવામાં ન આવે ત્યાં સુધી અશાંત વિસ્તારો તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

### ૧૦ જિલ્લાઓમાં ચાલે છે ઓનલાઈન સ્કેમના અડ્ડા

| નવી દિલ્હી, તા.૨૭ |

ઝારખંડના જામતારા અને હરિયાણાના નુહ, જે દેશમાં સાયબર ક્રાઈમના કેન્દ્રો તરીકે કુખ્યાત છે, હવે રાજસ્થાનના ભરતપુર અને ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લાએ લીધું છે. આ દાવો ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) કાનપુરમાં શરૂ થયેલા એક સ્ટાર્ટઅપે પોતાના અભ્યાસમાં કર્યો છે. આવો અમે તમને આ અભ્યાસની ખાસ વાતો જણાવીએ. અભ્યાસ મુજબ, દેશમાં ૮૦ ટકા સાયબર ગુના ટોચના ૧૦ જિલ્લામાંથી થાય છે. ફ્યુચર ક્રાઈમ રિસર્ચ ફાઉન્ડેશન (FCRF), આઈઆઈટી-કાનપુરમાં શરૂ થયેલ બિન-લાભકારી સ્ટાર્ટઅપ, તેના નવા અભ્યાસ 'અ ડીપ ડાઈવ ઈન સાયબર ક્રાઈમ ટ્રેન્ડ્સ ઈમ્પેક્ટિંગ ઈન્ડિયા'માં આનો ઉલ્લેખ કર્યો છે.

### અમેરિકાની જેલો ઈમિગ્રન્ટ્સથી ઉભરાઈ રહી છે

# અમેરિકી પ્રમુખ બાઈડન જલ્દીથી નવી પોલિસી લાગુ કરી શકે છે

## નવી પોલિસીમાં માઈગ્રન્ટ્સને ઝડપથી ડિપોર્ટ કરવાથી લઈને તેમના પર અમેરિકામાં પ્રવેશવા પર પાંચ વર્ષનો પ્રતિબંધનો સમાવેશ

| ટેક્સાસ, તા.૨૭ |

મેક્સિકો બોર્ડરને અડીને આવેલા અમેરિકાના ટેક્સાસ, એરિઝોના તેમજ કેલિફોર્નિયા જેવા રાજ્યોમાં હાલના દિવસોમાં બોર્ડર ક્રોસ કરીને અમેરિકામાં ઘૂસતા લોકોનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે. ટાઈટલ ૪૨ એક્સપાયર થયું તે ગાળામાં એક સમયે ઘૂસણખોરીમાં ૭૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. જોકે, હાલના દિવસોમાં આ ત્રણેય રાજ્યોમાં એવી સ્થિતિ સર્જાઈ છે કે બોર્ડર ક્રોસ કરતા પકડાયેલા લોકોને રાખવા માટે અહીંના ડિટેન્શન સેન્ટર્સમાં જગ્યા નથી બચી, ન્યૂયોર્ક ટાઈમ્સના એક રિપોર્ટ અનુસાર અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને રાખવા માટે અહીં જગ્યા શોધવી અઘરી પડી રહી છે. ડિટેન્શન સેન્ટર્સ ફુલ હોવાથી સ્થાનિક સરકારો હોટેલોમાં રૂમ્સ બુક કરાવી રહી છે, તેમ છતાંય સ્થિતિ સંભાળવી અઘરી પડી રહી છે. હાલ તો એવી સ્થિતિ છે કે ઘણા કેસમાં માઈગ્રન્ટ્સને શેરીઓમાં જ છોડી દેવામાં આવી રહ્યા છે.

### આગની ઘટનામાં ૧૫૦ ઘાયલ થયા

# ઈરાકમાં એક લગ્ન સમારોહમાં ભીષણ આગથી ૧૧૩ના મોત થયા

| બગદાદ, તા.૨૭ |

ઉત્તર ઈરાકમાં એક લગ્ન સમારોહમાં લાગેલી આગથી ઓછામાં ઓછા ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે જ્યારે ૧૫૦ અન્ય લોકો ઘાયલ થયા છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ મુજબ પીડિતોમાં દુલ્હા અને દુલ્હન પણ સામેલ હોવાનું કહેવાય છે. બીબીસીના રિપોર્ટ મુજબ આ આગ ઈરાકના ઉત્તર નિનેવેહ પ્રાંતના અલ હમદાનિયા જિલ્લામાં મંગળવારે મોડી સાંજે લાગી. હજુ એ સ્પષ્ટ નથી કે આગ કયા કારણથી લાગી, પરંતુ પ્રાથમિક રિપોર્ટ્સમાં કહેવાય



છે કે આતિશબાજી થયા બાદ આગ લાગી. સમાચાર એજન્સી રોયટર્સના રિપોર્ટ મુજબ નિનેવેહના ડેપ્યુટી ગવર્નર હસન અલ અલ્લાકે કહ્યું કે મૃતકોની સંખ્યા ૧૧૩ છે. ઈરાક સમાચાર એજન્સી નીના દ્વારા પોસ્ટ કરાયેલી એક તસવીરમાં ફાયર બ્રિગેડના કર્મીઓ આગને કાબૂમાં કરવાની કોશિશ કરતા જોઈ શકાય છે અને સોશિયલ મીડિયા પર સ્થાનિક પત્રકારોની તસવીરોમાં ઈવેન્ટ હોલના બળેલા અવશેષો જોવા મળી રહ્યા છે. એવું કહેવાય છે કે ઈમારતમાં જ્વલનશીલ પેનલોએ આગ ભડકાવવામાં મદદ કરી હશે, જેનાથી આયોજન સ્થળની છત નષ્ટ થઈ. ઈરાકના નાગરિક સુરક્ષા નિદેશાલયે કહ્યું કે અત્યાધિક જ્વલનશીલ, ઓછા ખર્ચવાળી નિર્માણ સામગ્રીના ઉપયોગના પરિણામ સ્વરૂપે આગ લાગવાથી હોલના કેટલાક ભાગ ધસી ગયા જે આગ લાગવાની ગણતરીની મિનિટોમાં ધસી પડ્યા.

### પરિણીતીનાં રિસેપ્શનનું કાર્ડ ઓનલાઈન વાયરલ થયું

| મુંબઇ,તા.૨૭ |

પરિણિતી ચોપરાનાં ચંડીગઢ ખાતે યોજાનારાં રિસેપ્શનનું વેડિંગ કાર્ડ ઓનલાઈન વાયરલ થયુ છે. તે પરથી તેનું પહેલું રિસેપ્શન કન્ફર્મ થયું છે. હજુ દિલ્હી તથા મુંબઈમાં પણ અલગ અલગ રિસેપ્શન થવાના હોવાની ચર્ચા છે. આ ઈન્વિટેશન કાર્ડ બહુ સિમ્પલ છે. તેમાં રાઘવ અને પરિણિતી તથા તેમના પેરેન્ટસ દ્વારા આમંત્રણ અપાયું છે. કાર્ડના આધારે એમ મનાય છે કે આ રિસેપ્શન માત્ર નજીકના પરિવારજનો માટે જ હશે. એક વાત એવી પણ છે કે, રાઘવ અને પરિણિતી પોતાના બોલીવૂડના મિત્રો માટે મુંબઈમાં તથા રાઘવના રાજકીય મિત્રો અને નેતાઓ માટે દિલ્હીમાં રિસેપ્શન યોજાવાનું છે.

**વિશેષ** સતત ૩૧ વર્ષોથી નવી સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓના વિઘ્નો નિવારતા 'વિઘ્ન હર્તા' આ વર્ષે 'અંગ દાન-મહા દાન'ના સંદેશા સાથે

# સર્વધર્મ સમભાવનાની આદર્શ ભાવના સાથે નવી સિવિલ હોસ્પિટલ-સુરત ખાતે બપ્પાની મહાઆરતી અને કથા યોજાઇ

છેલ્લા ૩૧ વર્ષોની ગણેશ સ્થાપનાની પરંપરાને કાયમ રાખી આ વર્ષે પણ સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે રંગે ચંગે ગણેશજીની પૂજા અર્ચના કરાઈ હતી. સર્વધર્મ સમભાવનાની આદર્શ ભાવના સાથે દરેક ધર્મ અને સંપ્રદાયોના તબીબો, નર્સિંગ એસોસિયેશનના અધિકારીગણ તેમજ અન્ય સ્ટાફે સાથે મળી સિવિલ હોસ્પિટલના હાડકા વિભાગ ખાતે બપ્પાની મહાઆરતી અને સત્યનારાયણ કથામાં ભાગ લીધો હતો. સિવિલ હોસ્પિટલની નર્સિંગ અને મેડિકલ કોલેજ, રેડિયોલોજી તેમજ બાળકોનો વિભાગ, મેડિકલ વોર્ડ, ઓપરેશન થિયેટર અને હાડકાના વિભાગ સહિત કુલ ૯ જગ્યાએ સ્થાપિત ગણેશજીની જે તે વિભાગના ડોકટરો અને નર્સિંગ સ્ટાફ દ્વારા ગણપતિની પૂજા અર્ચના કરવામાં આવી હતી. આ પ્રસંગે નર્સિંગ એસોસિયેશનના ઈકબાલ કડીવાલાએ જણાવ્યુ હતું કે, છેલ્લા ૩ દાયકાથી અમે કોઈ પણ ધર્મ-જાતિના ભેદ વિના ઉત્સાહભેર ગણેશ મહોત્સવની ઉજવણી કરી છીએ. જેથી અહીં ઈલાજ માટે આવતા દર્દીઓના વિઘ્નો દૂર થઈ તેઓ જલ્દીથી સાજા થઈ શકે. દર્દીઓનાં ચહેરા પર સ્મિત લાવવા અને તેમના દુખ દર્દને હળવા કરવા સિવિલ હોસ્પિટલ ખાતે દરેક તહેવારોની ઉજવણી થતી હોય છે. તે જ પ્રમાણે દર વર્ષે અલગ અલગ થીમ સાથે અહીં ગણપતિજીની સ્થાપના કરવામાં આવે છે. આ વર્ષે







લોકોમાં ઓર્ગન ડોનેશન અંગે જાગૃતતા ફેલાવવા માટે 'અંગ દાન એ જ મહા દાન'ની થીમ આધારિત ઉજવણી થઈ હતી. આ પ્રસંગે મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.ગણેશ ગોવેકર, આર.એમ.ઓ કેતન નાયક, અમેરિકા સ્થિત નર્સિંગ એસોસિયેશન દક્ષિણ ગુજરાતના રિપ્રેઝેન્ટેટીવ દિનેશ અગ્રવાલ, હેડ નર્સ વાસંતી નાયર સહિત અન્ય સ્ટાફ અને અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ખેલ મહાકુંભ ૨૦૨૩ માટે અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં અત્યાર સુધીમાં રેકોર્ડ બ્રેક ૪૧,૦૦૦થી વધુ રજીસ્ટ્રેશન

## મોટી સંખ્યામાં બાળકો રમતોમાં ભાગ લઈને ઇનામ અને મેડલ્સ જીતે તે માટે માઇક્રો પ્લાનિંગ કરાયું

| અમદાવાદ, તા.૨૭ |

ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજ્યમાં ૨૦૧૦માં શરૂ કરવામાં આવેલ ખેલ મહાકુંભમાં ચાલુ વર્ષ ૨૦૨૩માં ૧૨મું સંસ્કરણ રિલીઝ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૦થી ૨૦૨૩ વચ્ચેની સફર ખૂબ જ આનંદદાયી અને પ્રેરણાદાઈ રહેલ છે. ૨૦૧૦માં માત્ર ૧૬ લાખ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું અને છેલ્લા વર્ષમાં સંખ્યા વધીને ૫૫ લાખ જેટલી થઈ હતી. અમદાવાદ જિલ્લાના ડી.ઈ.ઓ અને અમદાવાદ ગ્રામ્ય ડી.પી.ઈઓનો ચાર્જ સંભાળતા રોહિત ચૌધરી દ્વારા આ વર્ષે અમદાવાદ ગ્રામ્યમાં એક અનોખુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખેલ મહાકુંભના




ઓપનિંગની ૨ ઉતારીખથી શરૂ કરેલા રજીસ્ટ્રેશનનો આજે પાંચમો દિવસ છે. જેમાં અમદાવાદ ગ્રામ્ય સૌથી આગળ પ્રથમ નંબર પર છે. જેમાં ૪૧,૦૦૦ જેટલું રજીસ્ટ્રેશન કરીને અત્યાર સુધીમાં નવો ઈતિહાસ રચાયો છે. રજીસ્ટ્રેશન ઓપનિંગના પાંચમા દિવસમાં ૪૧,૦૦૦ જેટલું રજીસ્ટ્રેશન થઈ ગયું છે તેમ રોહિત ચૌધરીએ જણાવ્યું હતું. રોહિત ચૌધરીએ જણાવ્યું કે, શાળાના શિક્ષકો, સી.આર.સી, બી.આર.સી, કે.ની, ટી.પી.ઈ.ઓ, નોડલ દ્વારા એક મજબૂત ટીમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આખી અમદાવાદ ગ્રામ્યની ટીમનો ફાળો છે અને રોહિત ચૌધરીના માર્ગદર્શન હેઠળ વધારેમાં વધારે બાળકો રમતોમાં ભાગ લે અને વધારેમાં વધારે ઈનામ અને મેડલ્સ જીતે તે માટે આખી ટીમ દ્વારા બાળકો શિક્ષકો સુધી તમામ માહિતી પહોંચે માર્ગદર્શન મળી રહે તે માટે કોચિંગ અને યોગ્ય માર્ગદર્શન મળે એ માટે શાળાથી જિલ્લા સુધી માઈક્રો પ્લાનિંગ કરવામાં આવેલ છે. અમદાવાદ ગ્રામ્યની આખી ટીમ દ્વારા આ સૌ પ્રથમ એક નવો ઈતિહાસ રચાયો છે જેમાં તમામ ખેલાડીઓ ને પ્રોત્સાહિત અને ઉત્સાહ વધારવા માટે આખી ટીમ દ્વારા વિદ્યાર્થીઓને ખેલકૂદમાં રસ રુચિ વધે અને ખેલાડીઓ પોતાની પ્રતિભા બતાવી શકે તેવો મોકો મળે. તેઓએ એક વિશેષ ધ્યાન આપવા માટે જણાવેલ છે. કે સ્પેશિયલ ખેલ મહાકુંભમાં વધારેમાં વધારે દિવ્યાંગ બાળકો ભાગ લે. તે માટે પણ જણાવ્યું છે. રમતગમત સંદર્ભમાં આખા જિલ્લાને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા અને ખેલકૂદ પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે આ ટીમવર્કની પહેલ કરવામાં આવી છે. ખેલ મહાકુંભ ૨.૦ માં અમદાવાદ જિલ્લાના બાળકો વધારેમાં વધારે ઈનામ અને મેડલ્સ જીતે તે માટે અત્યારથી જ આખી ટીમ દ્વારા કોચિંગ ચાલુ કરી દેવામાં આવ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### ભાવનગરમાં નશાની હાલતમાં વધુ એક નબીરાએ સર્જ્યો અકસ્માત

| ભાવનગર, તા.૨૭ |

અકસ્માત સર્જનાર કારમાંથી વિદેશી દારૂની બોટલ પણ મળી આવી છે. ઘટનાને લઈ મોડી રાત્રે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. તો બીજી તરફ ઘટનાની જાણ થતાં જ પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.શહેરમાં નશાની હાલતમાં કાર હંકારીને વધુ એક નબીરાએ અકસ્માત સર્જ્યો છે. ઘટના વાસણઘાટ રોડ પરની છે. જ્યાં નશામાં ધૂત કારચાલકે બાઈકચાલકને અડફેટે લેતાં બાઈકચાલક ફંગોળાઈને નીચે પટકાયો હતો. સદનસીબે બાઈકચાલકનો જીવ બચી ગયો છે, પરંતુ તેને ઈજા પહોંચી છે. અકસ્માત સર્જનાર કારમાંથી વિદેશી દારૂની બોટલ પણ મળી આવી છે.

### નાહવાથી બચવા બાળક કારમાં છૂપાયુ, ગુંગળાઈ જવાથી મોત

| જૂનાગઢ, તા.૨૭ |

જૂનાગઢના જીઆઈડીસી વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારમાં માતા પોતાના બાળકને નવડાવવા માટે તૈયારી કરી રહી હતી. ત્યારે બાળકે નાહવુ ના પડે તે માટે માતાથી દૂર ભાગવા લાગ્યો હતો અને છુપાઈ ગયો હતો. ત્યાં જ રસ્તામાં અનલોક કાર પડેલી હતી જેમાં બાળક સંતાઈ ગયો હતો.માતાને બાળક ન મળતા કારખાનામાં અને સીસીટીવીથી શોધખોળ હાથ ધરવામાં આવી હતી.રાજ્યમાં અવારનવાર વાલીઓની ચેતવણી રુપ ઘટનાઓ સામે આવતી હોય છે. આવી જ એક ઘટના જૂનાગઢમાં સામે આવી છે. જૂનાગઢના જીઆઈડીસી વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારમાં માતા પોતાના બાળકને નવડાવવા માટે તૈયારી કરી રહી હતી. ત્યારે બાળકે નાહવુ ના પડે તે માટે માતાથી દૂર ભાગવા લાગ્યો હતો અને છુપાઈ ગયો હતો. ત્યાં જ રસ્તામાં અનલોક કાર પડેલી હતી જેમાં બાળક સંતાઈ ગયો હતો.

### ડોડીયાળામાં આખલાએ વૃદ્ધાને હડફેટે લેતા મોત

| રાજકોટ, તા.૨૭ |

રાજ્યમાં રખડાતો ઢોરનો ત્રાસ ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો. હાઈકોર્ટની ફટકાર બાદ પણ આ સમસ્યા ઠેરની ઠેર જ છે. જેના કારણે અનેક લોકોએ જીવ પણ ગુમાવ્યા છે.રાજ્યમાં રખડાતો ઢોરનો ત્રાસ ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો. હાઈકોર્ટની ફટકાર બાદ પણ આ સમસ્યા ઠેરની ઠેર જ છે. જેના કારણે અનેક લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. હવે આવી જ ઘટના સામે આવી છે રાજકોટ જિલ્લામાં. રાજકોટ જિલ્લાના જસદણના ડોડીયાળામાં આખલાનો આતંક સામે આવ્યો છે. ડોડીયાળામાં આખલાએ એક વૃદ્ધાને હડફેટે લેતા તેઓ મોતને ભેટ્યા હતા. ડોડીયાળામાં આખલાઓના કહેરથી અફરાતફરી મચી હતી. આ અફરાતફરીના વીડિયો ઝઝૂફ માં કેદ થયો છે. જે બાદ મોટી સંખ્યામાં ગ્રામજનોએ ભેગા થઈને આખલાને દોરડાથી બાંધ્યો હતો. મૃતક વૃદ્ધાના મૃતદેહને પીએમ અર્થે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

## રાજકોટમાં ક્રિકેટર રોહિત શર્માનો આઇફોન ચોરાયો

| રાજકોટ, તા.૨૭ |

રાજકોટના આંગણે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વન -ડે મેચ યોજાઈ રહી છે. જેને લઈને રાજકોટના ખંઢેરી સ્ટેડિયમ ખાતે સૌરાષ્ટ્રભરમાંથી ક્રિકેટ રસિકો ઉમટી પડ્યા છે. ક્રિકેટના આ માહોલ વચ્ચે રાજકોટમાં ક્રિકેટર રોહિત શર્માનો આઈફોન ગુમ થયો હોવાની ઘટની ચર્ચા હાલ જોરશોરથી ચાલી રહી છે. જાણવા મળી રહ્યું છે કે ગઈકાલે પ્રેક્ટિસ દરમિયાન આઈફોન ગુમ થયો હતો. ગઈકાલે એક પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. આ બાદ રોહિત શર્માનો આઈફોન ગુમ થયો હોવાનું સામે આવ્યું છે જોકે હજુ સુધી આ મામલે કોઈ સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. સૂત્રોનું માનીએ તો નેટ પ્રેક્ટિસ બાદ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માનો મોબાઈલ ખોવાયો હોવાની ચર્ચા ચાલી રહી હતી. જોકે આ મામલે ફરિયાદ ન નોંધાઈ હોવાનું પડધરી પોલીસ સ્ટેશનના પીએસઆઈએ જણાવ્યું છે.

## ઝાલોદની સાઈ સર્જન સોસાયટીમાં ગણેશ ઉત્સવ નિમિત્તે ૫૬ ભોગનું આયોજન કરાયું



| પંકજ પંડિત ઝાલોદ, તા.૨૭ |

આજરોજ સાંઈ સર્જન સોસાયટીમાં પંચાલ જીગ્નિશાબેનને ત્યાં મહા આરતી તેમજ ૫૬ ભોગનો મહાપ્રસાદનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સાંઈ સર્જન સોસાયટીના તમામ ભક્તોએ આ મહાઆરતીમાં ભાગ લઈ ગણપતિબાપાના આશીર્વાદ મેળવ્યા હતા. સાથે સાથે સોસાયટીના નાના બાળકો તેમજ સોસાયટીની બહેનોએ આ પ્રસંગે રમતોનું આયોજન કર્યું હતું. જેમાં સંગીત ખુરશી, લીંબુ ચમચી જેવી રમતો રાખી હતી અને વિજેતા બનેલ બાળકોને ઈનામથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સોસાયટીના તમામનો જીગ્નિશાબેને ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.



| પંકજ પંડિત ઝાલોદ, તા.૨૭ |

ગણેશોત્સવના પાવન પર્વ નિમિતે ફૂલપુરા મુખ્ય પ્રા.શાળાના શિક્ષિકા પૂજાબેન ચૌહાણ તરફથી શાળાના ધોરણ ૧ થી ૮ ના તમામ બાળકોને પૂરી, શાક, દાળ ભાત અને બુંદીનું તિથિ ભોજન આપવામાં આવ્યું.

## વિરમગામના મેલજ ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી વિષયક પાક પરિસંવાદ યોજાયો

| વિરમગામ, તા.૨૭ |

બાગાયત વિભાગ, ખેતીવાડી વિભાગ અને આત્મા વિભાગ અમદાવાદના સંયુકત ઉપક્રમે વિરમગામ તાલુકાના મેલજ ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી વિષયક પાક પરિસંવાદ યોજાયો. આ પરિસંવાદમાં વડોદરા વિભાગના સંયુકત બાગાયત નિયામક ડો.જે.એમ. તુવાર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા પોતાના અનુભવો અને વિવિધ આયામો વિશે પ્રત્યક્ષ નિદર્શન થકી તેમને



માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં વિરમગામ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી જનકભાઈ પટેલ ઉપરાંત જિલ્લાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં આસપાસના ગામોના ૨૫૦ જેટલા ખેડૂતો સહભાગી થયા હતા.

## ગીર સોમનાથની જીવાદોરી ગણાતો શિંગોડા ડેમ ઓવરફ્લો

| ગીર સોમનાથ, તા.૨૭ |

ગીર સોમનાથનો આ શિંગોડા ડેમ જામવાળા સ્થિત જંગલ વિસ્તારમાં આવેલો છે. ડેમની આજુબાજુનો વિસ્તાર રિઝર્વ ફોરેસ્ટ હોઈ ડેમના અધિકારી અને કર્મચારી સિવાય અન્ય કોઈને આ ડેમ પર જવા દેવામાં આવતા નથી. શિંગોડા ડેમનો સ્રાવ વિસ્તાર ૧૪ કિલોમીટરનો છે. ગીર મધ્યનાં કનકાઈનાં ડુંગર વિસ્તારમાંથી શીંગવડો નદીનું મુખ આવેલું છે. શીંગવડો નદીની કુલ લંબાઈ ૮૨ કિલોમીટરની છે. કનકાઈ થી શરૂ થઈ ગીરનું જંગલ ચીરી જામવાળા પહોંચતી આ નદી પર ૧૯૭૮ માં વિશાળ ડેમ બાંધવામાં આવ્યો છે. આ ડેમને શિંગોડા ડેમ તરીકે ઓળખવામાં આવે છે. આ ડેમમાં વિપુલ માત્રામાં પાણીનો સંગ્રહ થાય છે. ખેડૂતો, સામાન્ય નાગરિકો અને વન્ય પ્રાણીઓ માટે આ ડેમ જીવાદોરી સમાન છે. આ ડેમમાં બે નદી અને ગીર જંગલમાંથી પસાર થતા ૧૫૦ જેટલા નાના મોટા ઝરણાનું પાણી સંગ્રહાય છે. જોકે હાલ ચોમાસું ગુજરાતમાંથી વિદાય લેવાની તૈયારીમાં છે, ત્યારે છેલ્લા બે દિવસથી ગીર જંગલ અને ગીર સોમનાથ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે અને ગીર સોમનાથ જિલ્લાના કેટલાય વિસ્તારો ૧ થી લઈ અને ૩ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. ત્યારે ગીર જંગલમાં મુશળધાર વરસાદ નોંધાયો છે. જેને કારણે શિંગોડા ડેમ ઉપરવાસમાં છેલ્લા બે દિવસમાં ૫ થી ૬ ઈંચ વરસાદ નોંધાતા આખરે ચોમસાની વિદાય વેળાએ કોડીનાર તાલુકાના અનેક ગામોને પીવા અને સિંચાઈ માટે પાણી પૂરુ પાડતો શિંગોડા ડેમ આખરે તેની પૂર્ણ સપાટીએ ભરાયો છે, અને જેના કારણે સિંચાઈ વિભાગ સહિત કોડીનાર તાલુકાના આમ લોકો અને ખેડૂતો ખુશખુશાલ બન્યા છે.

### દારૂના જથ્થા ઉપર JCB અને રોલર ચલાવવામાં આવ્યું

## ભાવનગર ખાતે બે કરોડથી વધુ વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો

### દારૂની કિંમત આશરે બે કરોડથી વધુ હોવાનું પોલીસનું અનુમાન છે

| ભાવનગર, તા.૨૭ |

ભાવનગરમાં બે કરોડથી વધુ વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો છે. સીદસરથી વરતેજ જવાના રોડ પર એનસીસીના ગ્રાઉન્ડ ખાતે દારૂનો નાશ કરાયો હતો.પોલીસ અધિકારીઓની હાજરીમાં દારૂના જથ્થા ઉપર JCB અને રોલર ચલાવવામાં આવ્યું હતું. દારૂની કિંમત આશરે બે કરોડથી વધુ હોવાનું પોલીસનું અનુમાન છે. ચેકિંગ અને રેડ દરમિયાન પોલીસે અલગ અલગ વિસ્તારોમાંથી ભારતીય બનાવટી દારૂ પકડયો હતો. રાજ્યમાં અવારનવાર પ્રતિબંધિત નશાકારક પદાર્થો મળી આવતા હોય છે. પરંતુ દારુબંધી જાણે કાગળ પર જ હોય તેવી સ્થિતિ જોવા મળે છે. તો આ તરફ આજે ભાવનગરમાં બે કરોડથી વધુ વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો છે. સીદસરથી વરતેજ જવાના રોડ પર એનસીસીના ગ્રાઉન્ડ ખાતે દારૂનો નાશ કરાયો હતો. પોલીસ અધિકારીઓની હાજરીમાં દારૂના જથ્થા ઉપર JCB અને રોલર ચલાવવામાં આવ્યું હતું. દારૂની કિંમત આશરે બે કરોડથી વધુ હોવાનું પોલીસનું અનુમાન છે. ચેકિંગ અને રેડ દરમિયાન પોલીસે અલગ અલગ વિસ્તારોમાંથી ભારતીય બનાવટી દારૂ પકડયો હતો.

### આંગડિયા પેઢીના કર્મચારીઓ ટાર્ગેટ કરતી ટોળકી સક્રિય

## નહેરૂનગર ખાતે વેપારી સરેઆમ લૂંટાયો, રૂ. ૫.૫૦ લાખ લઇ ગઠિયાઓ રફુચક્કર

### આ મામલે સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે, સેટેલાઇટ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે

| અમદાવાદ, તા.૨૭ |

આંગડિયા પેઢીમાંથી રૂપિયા લઈને નીકળનાર વેપારી તેમજ કર્મચારીને ટાર્ગેટ કરતી ટોળકી શહેરમાં સક્રિય થઈ છે. અકસ્માત કર્યો છે તેમ કહીને રૂપિયા લઈને નીકળનાર વ્યક્તિને ગઠિયાઓ આંતરે છે અને બાદમાં લૂંટની ઘટનાને અંજામ આપીને નાસી જાય છે.

ગઈકાલે નહેરુનગર સર્કલ નજીક આવેલા માણેકબાગ પાસે એક વેપારીની કારને આંતરીને ગઠીયા ૫.૫૦ લાખ રૂપિયાની લૂંટ ચલાવીને નાસી ગયા હતા. ગઠીયો કારનો સતત પીછો કરી રહ્યો હતો અને તેણે ચાલુ રસ્તા પર કારના કાચ ખખડાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. આંબાવાડી વિસ્તારમાં આવેલા રુક્ષ્મણી વલ્લભ સોસાયટીમાં રહેતા વૃદ્ધ દેવેશભાઈ શાહે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ૫.૫૦ લાખની લૂંટની ફરિયાદ કરી છે.

## યુવકને માથામાં ધારીયાનો ઘા કરી બે ફાડચા કર્યા! કરૂણ મોત

### ઘાયલ વંદનસિંહને ત્વરિત સારવાર માટે આણંદની જનરલ હોસ્પિટલમાં ખસેડતા જ્યાં તબીબોએ તેને તપાસી મૃત જાહેર કર્યો હતો

| આણંદ, તા.૨૭ |

આણંદનાં વડોદ ગામમાં મિત્રના ઝઘડામાં વચ્ચે છોડાવવા પડેલા યુવકને માથામાં ધારીયું મારી કરપીણ હત્યા કર્યાનો બનાવ વાસદ પોલીસ મથકે નોંધાતા પોલીસે હત્યા કરનાર પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. વડોદ ગામમાં ખોડિયાર માતા વાળા ફળિયામાં રહેતો ૨૩ વર્ષનો વંદનસિંહ બળવંતસિંહ છાસટીયા રાત્રીના સુમારે પોતાના મિત્ર કિરપાલ સાથે ગામમાં તળાવ પાસે પાનનાં ગલ્લા પર મસાલો લેવા ગયા હતા. આ સમયે ગામમાં રહેતા શૈલેષ જાદવ એ અમારા ઘરના દરવાજાની સાંકળ કેમ ખખડાવી હતી, તેમ કહી કિરપાલ સાથે ઝઘડો કરી શૈલેષ સહિત પાંચ જણાએ લાકડીઓ લઈ હુમલો કર્યો હતો. આ સમયે વંદનસિંહ પોતાના મિત્ર કિરપાલને છોડાવવા વચ્ચે પડતા શૈલેષ જાદવએ વંદનસિંહને માથામાં ધારીયું મારતા વંદનસિંહ લોહીલુહાણ થઈ ફસડાઈ પડ્યો હતો. આ ઘટનાને લઈને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને વચ્ચે પડી મામલો થાળે પાડી ઘાયલ વંદનસિંહને ત્વરિત સારવાર માટે આણંદની જનરલ હોસ્પિટલમાં ખસેડતા જ્યાં તબીબોએ તેને તપાસી મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતાં વાસદ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ગામમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી હત્યાની ઘટના અંગે પાંચ આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેઓની ધરપકડ કરી હતી. મૃતક વંદનસિંહનાં મૃતદેહનાં પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહને તેના ઘરે લાવવામાં આવતા તેની વિધવા માતા અને બે બહેનોએ ભારે કલ્પાંત મચાવ્યુ હતું. ત્યારબાદ અંતિમયાત્રા નીકળતા પોલીસ દ્વારા આ ઘટનાના પ્રત્યાઘાત પડે નહીં તે માટે ગામમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. મૃતક વંદનસિંહનાં પિતા તે નાનો હતો ત્યારે જ મૃત્યુ પામ્યા હતા અને વિધવા માતાએ તેને ઉછેરીને મોટો કર્યો હતો. વિધવા માતાની ઘડપણનો સહારો એક માત્ર વંદનસિંહ હતો. તે ખાનગી ફાયરબ્રિગેડમાં નોકરી કરતો હતો. જ્યારે બે બહેનોનો એકનો એક ભાઈ હતો. જેને લઈને વિધવા માતા અને બે બહેનોએ ભારે આક્રંદ કર્યું હતું. પોલીસે હત્યા કરનાર આરોપીઓ શૈલેષભાઈ રમણભાઈ જાદવ, રવિ ઉર્ફે બુધો અર્જુનભાઈ જાદવ, જયેશભાઈ ઉર્ફે મખ્ખી કનુભાઈ જાદવ, જગદીશભાઈ ઉર્ફે તગારી અમરસિંહ જાદવ તથા અર્જુનભાઈ રમણભાઈ જાદવ સહિત પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨